**આજનો સુવિચાર**

જીવન વિશે એટલું ન વિચારો, જેણે જીવન આપ્યું તેણે કંઈક તો વિચાર્યું જ હશે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૪૫ જૂનાગઢ તા.૦૫-૦૨-૨૦૨૪ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 45, Junagadh : Date : 05 February, 2024, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

## કેન્દ્ર સરકાર રાજયો પર નાણાંનો વરસાદ કરશે : વિકાસને વેગ મળશે


નવી દિલ્હી, તા.૫ઃ દેશની અર્થવ્યવસ્થામાં તેજી અને વધુ ટેક્સ કલેક્શનને કારણે કેન્દ્ર સરકાર તરફથી રાજ્યો પર નાણાંનો વરસાદ થવાનો છે. કેન્દ્રીય કરવેરાના ભાગરૂપે આવતા વર્ષે રાજ્યોને કેન્દ્ર પાસેથી રૂ. ૧.૧૫ લાખ કરોડ વધુ મળવાની અપેક્ષા છે. ઉપરાંત, ચાલુ નાણાકીય વર્ષમાં પણ, રાજ્યોને પહેલેથી જ અંદાજિત રકમ કરતાં લગભગ ૮૩૦૦૦ કરોડ રૂપિયા વધુ રકમ આપવામાં આવશે. કેન્દ્ર પાસેથી વધુ ભંડોળ મળવાથી રાજ્યોના વિકાસને પાંખો મળશે. અને વિકાસ યોજનાઓ અને જન કલ્યાણના પગલાંમાં વધારો થવાથી રોજગારીની તકો પણ વધશે તેવી પૂરી આશા છે.



કેન્દ્ર સરકાર આગામી નાણાકીય વર્ષ (૨૦૨૪-૨૦૨૫)માં ટેક્સના હિસ્સા તરીકે રાજ્યોને રૂ. ૧૨.૨૦ લાખ કરોડ આપશે, જ્યારે ચાલુ નાણાકીય વર્ષ (૨૦૨૩-૨૪)માં રૂ. ૧૧.૦૫ લાખ કરોડ આપવામાં આવી રહ્યા છે. આ રકમનો સૌથી વધુ ફાયદો ઉત્તર પ્રદેશને થશે, જે ચાલુ નાણાકીય વર્ષની સરખામણીમાં આવતા વર્ષે લગભગ રૂ. ૨૦,૦૦૦ કરોડ વધુ મળશે.

વિપક્ષી પાર્ટીઓની રાજ્ય સરકારો કેન્દ્રની મોદી સરકાર પર રાજકીય ભેદભાવના કારણે ફંડ રોકવાનો આરોપ લગાવી રહી છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી આ મુદ્દે કોલકાતામાં વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે

## કાશ્મીરમાં ભારે હિમવર્ષા : જનજીવન ઠપ્પ



શ્રીનગર,તા.૫

પર્વતીય પ્રવાસન રાજય કાશ્મીરમાં ‘ચિલ્લાન કલા’ના અંતિમ દોરમાં હવે જોરદાર હિમવર્ષા સાથે કાતિલ ઠંડી શરૂ થઈ છે. શ્રીનગરમાં ભારે બરફ પડતા જનજીવન ખોરવાયું હતું અને વિમાની સેવા બંધ કરી દેવામાં આવી છે.

કાશ્મીરનાં પર્વતીય ભાગોમાં હિમસ્ખલનની ચેતવણી પણ આપવામાં આવી છે. આગામી ૨૪ કલાક જરૂર વિના કયાંય આવનજાવન ન કરવાની તાકીદ કરવામાં આવી છે. સાથોસાથ ઉતરપ્રદેશ તથા રાજસ્થાનમાં વરસાદનું એલર્ટ આપવામાં આવ્યું છે. કાશ્મીર-હિમાચલમાં લાંબી પ્રતિક્ષા બાદ ગત સપ્તાહથી જોરદાર હીમવર્ષા શરૂ થઈ છે.

શ્રીનગરમાં ખરાબ હવામાનને કારણે તમામ ઉડ્ડયનો રદ કરી દેવામાં આવ્યા હતા. શ્રીનગર તથા લેહના રનવે બંધ કરાયા છે. વૈષ્ણોદેવીની હેલીકોપ્ટર સેવા પણ બંધ કરવામાં આવી હતી.

## ચીલીનાં જંગલોમાં લાગેલી ભયાનક આગમાં મૃત્યુઆંક ૬૪ : ૨૦૦ લાપત્તા

ચીલી તા. ૫

રાષ્ટ્રને સંબોધતા ચિલીના પ્રેસિડેન્ટ ગેબ્રિયલ બોરીકે જણાવ્યું હતું કે, ચિલીનાં જંગલમાં લાગેલી ભીષણ આગને કારણે મૃત્યુઆંક વધી રહ્યો છે. જે અત્યારે ૬૪ના આંકડા પર પહોંચી ગયો છે. ચિલીના મધ્યક્ષેત્રના જંગલમાં બે દિવસ પહેલા લાગેલી ભીષણ આગને કારણે રવિવારે ફાયર વિભાગના કર્મચારીઓને ભારે સંઘર્ષ કરવો પડ્યો હતો. આગથી ગંભીર રીતે પ્રભાવિત ઘણા શહેરોમાં વહીવટીતંત્રે કર્ફ્યુ લાદી દીધો છે.આગ સૌથી વધુ તીવ્રતાથી વિના ડેલ માર શહેરની આસપાસ ભભૂકી રહી છે, જ્યાં ૧૯૩૧માં સ્થાપિત એક પ્રખ્યાત બોટનિકલ ગાર્ડનનો આગની જ્વાળાઓમાં નાશ થઈ ગયો છે. આગના કારણે ઓછામાં ઓછા ૧૬૦૦ લોકો બેઘર બની ગયા છે.

## કર ચોરો પર તવાઈ આવશે : નોટીસો ફટકારાશે

નવી દિલ્હી તા.૫

આવકવેરા વિભાગ કરચોરો પર તૂટી પડવાની તૈયારીમાં છે. કેન્દ્રીય સીધા કરવેરા બોર્ડના ચેરમેન નીતીન ગુપ્તાએ જ જાહેર કર્યુ છે કે ટીડીએસ કપાત થઈ હોવા છતાં આવકવેરા રીટર્ન ફાઈલ નહીં કરનારા કરદાતાઓને તુર્તમાં નોટીસો ફટકારવામાં આવશે. આવા કરદાતાઓની સંખ્યા અંદાજે દોઢ કરોડની છે. તંત્ર પાસે ચોકકસ માહિતી છે તેવા કરદાતાઓને નોટીસો પાઠવવામાં આવશે અને તે સંખ્યા હજારોમાં હશે.

સીબીડીટીના વડાએ કહ્યું કે આવકવેરા વિભાગને જંગી માત્રામાં ડેટા મળી રહ્યો છે અને તેના આધારે ‘મીસમેચ’ પકડાઈ રહી છે. કરદાતાએ કોઈ માહિતી ન આપી હોય તો રીટર્ન-ભુલ સુધારવા તાકીદ કરવામાં આવે છે. રીટર્નમાં અધુરી માહિતી પૂર્ણ ભરવાના સંદેશાના આધારે આવકવેરા વિભાગે ૫૧ લાખ કરદાતાઓ પાસેથી રૂા.૪૬૦૦ કરોડનો ટેકસ મેળવ્યો છે. તેઓએ જણાવ્યું હતું કે, કરદાતાઓને દરેક મોરચે સરળતા રહે તે માટે કરવેરા વિભાગના પ્રયાસો છે. કરદાતાઓને રીફંડ વ્હેલીતકે અપાવા લાગ્યા જ છે. ટેકસવિવાદ રોકવા માટે રીટર્ન અપડેટ કરવાની પણ સવલત આપવામાં આવી રહી છે.

## જૂનાગઢ, રાજકોટ, કડીમાં ખાનગી મેડીકલ કોલેજ શરૂ થશે

નવી દિલ્હી, તા.૫ઃ રાજ્યમાં નવી ખાનગી મેડિકલ કોલેજો શરૂ કરવા માટે રાજ્ય સરકારે ત્રણ દરખાસ્તો માટે ના-વાંધા પ્રમાણપત્રો જારી કર્યા છે. આ ત્રણ કોલેજો રાજકોટ, જૂનાગઢ અને કડીમાં શરૂ થશે. રાજકોટ અને જૂનાગઢની ખાનગી કોલેજોમાં એમબીબીએસની ૧૫૦ બેઠકો હશે જ્યારે કડીમાં સૂચિત મેડિકલ કોલેજમાં ૧૦૦ બેઠકો હશે. સરકારના સૂત્રોએ જણાવ્યું કે નેશનલ મેડિકલ કમિશનની મંજૂરી માટે અરજી કરવાની છેલ્લી તારીખ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૩ હતી અને રાજ્ય સરકાર તરફથી NOC મળ્યા પછી તરત જ વહીવટીતંત્રોએ NMCને મંજૂરી માટે અરજી કરી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, કમિશન આગામી શૈક્ષણિક વર્ષ પહેલા આ ત્રણ નવી કોલેજોને મંજૂરી આપી શકે છે એટલે કે આવતા વર્ષથી રાજ્યમાં ૪૦૦ વધારાની MBBS બેઠકો હશે.

## હવે આયુર્વેદિક - હોમિયોપેથીક સારવાર માટે પણ વિમો મળશે

નવી દિલ્હી, તા.૫

સારવારની પારંપરિક ચિકિત્સા પદ્ધતિઓને પણ ટુંક સમયમાં વીમા પોલીસીમાં સામેલ કરવામાં આવશે. ભારતીય વીમા નિયામક અને વિકાસ ઓથોરીટી (ઈરડા)એ વીમા કંપનીઓને આયુર્વેદ, યોગ, નેચરોપથી, યુનાની, હોમિયોપેથી તેમજ સિદ્ધા (આયુષ)ને સ્વાસ્થ્ય વીમા પોલીસીમાં શામેલ કરવાનું કહ્યું છે. વીમા નિયામકે કંપનીઓને આયુષ ઉપચાર પ્રદાન કરવા માટે બોર્ડ દ્વારા સ્વીકૃત પોલિસી રાખવાનો નિર્દેશ આપ્યો છે. તેના માટે કંપનીઓ દિશા નિર્દેશ પણ રજુ કરશે. નિયામકે કહ્યું છે કે બધી વીમા કંપનીઓને ૧ એપ્રિલ ૨૦૨૪ સુધીમાં માર્ગદર્શિકા તૈયાર કરવાની રહેશે, જે નવા નાણાકીય વર્ષથી અમલમાં આવશે. ઈરડાએ જણાવ્યું હતું કે, આ નિર્દેશોમાં કંપનીઓએ ગુણવતા પર ખાસ ધ્યાન આપવું પડશે. આયુષ હોસ્પિટલોમાં પણ કેસલેસ ઈલાજની વ્યવસ્થા કરવી જોઈએ.

## કાશી - મથુરા સોંપી દેશો તો અન્ય મંદિરો પરનાં દાવા ભુલી જઈશું : ગોવિંદ દેવગીરી મહારાજ

પુના,તા.૫

અયોધ્યામાં ભગવાન શ્રીરામ મંદિરના નિર્માણ બાદ હવે કાશી-મથુરાના વિવાદીત સ્થળો હિન્દુઓને સોંપી દેવામાં આવે તો બાકીના વિવાદો પર પડદો પાડી દેવા તથા દાવા પાછા ખેંચવાની હિન્દુઓની તૈયારી હોવાનું અત્યંત મહત્વપૂર્ણ વિધાન રામજન્મભૂમિ તીર્થક્ષેત્રના ખજાનચી ગોવિંદદેવ ગીરી મહારાજે કર્યુ છે. તેઓએ કહ્યું કે, હિન્દુઓ ભવિષ્યમાં જીવવા-આગળ વધવા માંગે છે. ભૂતકાળ ભુલી જવાની તૈયારી છે એટલે કાશી-મથુરાના વિવાદ રદ કરીને પવિત્ર સ્થળો હિન્દુઓને સોંપી દેવામાં આવે તો અન્ય સ્થળોના દાવા કરવામાં નહીં આવે. અયોધ્યા પછી જ્ઞાનવાપી અને મથુરા કૃષ્ણ જન્મભૂમિ શાંતિપૂર્વક મળી જવાના કિસ્સામાં બાકીના દાવા ભુલી જવાની તૈયારી છે. પુનાના એક કાર્યક્રમમાં આ અત્યંત મહત્વપૂર્ણ નિવેદન કરતા ગોવિંદ દેવગીરી મહારાજે જ્ઞાનવાપી મસ્જીદ વિવાદ વિશે કહ્યું કે હિન્દુઓના અયોધ્યા, કાશી અને મથુરા એમ ત્રણેય પવિત્ર તીર્થસ્થળો શાંતિપૂર્વક સોંપી દેવા મુસ્લીમોને હાથ જોડીને અપીલ કરૂ છું. આ સ્થળોના મંદિર ભૂતકાળમાં આક્રમણખોરો તોડી પાડયા હતા અને ત્યાં મસ્જીદ બનાવી હતી. હિન્દુઓ પર આ સૌથી મોટા દાગ છે અને તેનુ હિન્દુઓને ભારે દુખ છે. ભાઈચારા-શાંતિપૂર્વક આ વિવાદીત સ્થળો હિન્દુઓને સોંપી દેવામાં આવે તો ભાઈચારાની ભાવના દ્રઢ કરવામાં મદદ મળશે. તેઓએ કહ્યું કે વિદેશી આક્રમણખોરો દ્વારા ભૂતકાળમાં ૩૫૦૦ મંદિરો તોડી પાડવામાં આવ્યા હતા. અયોધ્યા-કાશી-મથુરા સોંપી દેવામાં આવે તો અન્ય વિવાદો ભુલી જવાની અમારી તૈયારી છે.

આ માંગ સ્વીકારી લેવા તેઓએ અપીલ કરી છે. અયોધ્યા રામમંદિરનું સમાધાન નિકળી ગયુ છે. નવો યુગ શરૂ થયો છે ત્યારે અન્ય વિવાદો પણ ઉકેલી નાખવા જોઈએ. તેઓએ દાવો કર્યો હતો કે મુસ્લીમો પણ કાશી-મથુરાનો વિવાદ અંત લાવવા માંગે છે, માત્ર અમુક લોકો જ તેનો વિરોધ કરે છે.

## ભારતીય ગાયક શંકર મહાદેવન અને તબલા વાદક ઝાકીર હુસૈનને પ્રતિષ્ઠીત ગ્રેમી એવોર્ડ


નવી દિલ્હી, તા.૫ઃ સંગીતની દુનિયાનો સૌથી પ્રતિષ્ઠિત એવોર્ડ, ગ્રેમી એવોર્ડ્સ માટે ચાહકો રાહ જોઈ રહ્યા હતા. આ વર્ષે, ૬૬મા ગ્રેમી એવોર્ડ્સ ૨૦૨૪નું આયોજન ૫ ફેબ્રુઆરીએ ભારતીય સમય અનુસાર આજે સવારે ૬.૩૦ વાગ્યે કરવામાં આવ્યું હતું. લોસ એન્જલસમાં ગ્રેમી એવોર્ડનું આયોજન કરવામાં આવ્યું હતું. ૨૦૨૪ ગ્રેમી એવોર્ડ્સમાં ટ્રેવર નોહ સતત ચોથા વર્ષે યજમાન તરીકે પરત ફરતો જોવા મળ્યો છે.

સિંગર્સ ટેલર સ્વીફ્ટ, ઓલિવિયા રોડ્રિગો, માઈલી સાયરસ અને લાના ડેલ રેએ આ વર્ષે ઘણા ગ્રેમી એવોર્ડ જીત્યા છે. ભારતીય સંગીતકારોએ પણ ગ્રેમી એવોર્ડ ૨૦૨૪માં પ્રભુત્વ જમાવ્યું હતું. ભારતીય ગાયક શંકર મહાદેવન અને તબલાવાદક ઝાકિર હુસૈન સહિત ચાર સંગીતકારોએ એવોર્ડ જીત્યો હતો.

## પાકિસ્તાનમાં સામાન્ય ચૂંટણીનાં ત્રણ દિવસ પહેલા આતંકવાદી હુમલો : ૧૦નાં મોત

ઈસ્લામાબાદ તા. ૫

પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના દરબાન શહેરમાં આવેલા પોલીસ સ્ટેશન પર આતંકી હુમલો થયો હતો. પાકિસ્તાની મીડિયા જિયો ન્યૂઝ અનુસાર આતંકી હુમલામાં ૧૦ લોકોના મોત થયા હતા. આ હુમલો ચૂંટણીના ૩ દિવસ પહેલા થયો હતો. અહીં ૮ ફેબ્રુઆરીએ ચૂંટણી છે. હાલ કોઈ આતંકવાદી સંગઠને આ હુમલાની જવાબદારી સ્વીકારી નથી.



એક પોલીસ અધિકારીએ કહ્યું- આતંકવાદીઓએ સોમવારે સવારે લગભગ ૩ વાગે દરબાન શહેરના પોલીસ સ્ટેશન પર હુમલો કર્યો હતો. તેઓએ પોલીસ સ્ટેશનને ચારે બાજુથી ઘેરી લીધું અને ગ્રેનેડ ફેંક્યા. આ પછી ફાયરિંગ શરૂ થયું. અમે પણ જવાબી કાર્યવાહી કરી પરંતુ આતંકીઓ નાસી છૂટ્યા. તેમને પકડવા માટે સર્ચ ઓપરેશન ચાલુ છે.

સવારે બલૂચિસ્તાનમાં ચૂંટણી પંચની ઓફિસની બહાર પણ વિસ્ફોટ થયો હતો. પાકિસ્તાની મીડિયા એઆરવાય ન્યૂઝ અનુસાર ચૂંટણી પંચના ગેટની બહાર બોમ્બ વિસ્ફોટ થયો હતો. બ્લાસ્ટ કોણે કરાવ્યો અને શા માટે થયો તેની માહિતી મળી શકી નથી. તપાસ ચાલુ છે ૩૧જાન્યુઆરીએ પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની પાર્ટી પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફના ઉમેદવારની હત્યા કરવામાં આવી હતી. આ ઘટના ખૈબર પખ્તુખ્વાના બજૌર જિલ્લામાં બની હતી. માર્યા ગયેલા ઉમેદવારનું નામ રેહાન ઝેબ ખાન હતું.

રેહાનને ઈમરાનની પાર્ટીનું સમર્થન હતું અને તે નેશનલ એસેમ્બલી સીટ નંબર ૮ પરથી ઉમેદવાર હતો. હુમલાખોરો બાઈક પર આવ્યા હતા અને ફાયરિંગ કરીને ભાગી ગયા હતા. ’જિયો ન્યૂઝ’ અનુસાર, પોલીસને હજુ સુધી હુમલાખોરો વિશે કોઈ કડી મળી નથી.

**હેવન ઈન્ટીરીયર ફર્નિચર**
www.heavenfurniture.co.in
300+ Site complete
All over Gujarat
heaven FURNITURE
હેવન ફર્નિચર
M. 97263 15003
INTERIOR
COLOR WORK
POP WORK
SOFA WORK
મેરીઓટ પ્લાઝા, ચોથા માળે, ગાયત્રી સ્કૂલ સામે, ઝાંઝરડા રોડ, જૂનાગઢ.

**દાણાપીઠમાં મકાન વેચવાનું છે**
જૂનાગઢમાં દાણાપીઠ વિસ્તારમાં વાદી ખડકીમાં, ત્રણ માળનું,૭ રૂમવાળુ મકાન તેમજ હોલસેલનાં વેપારીઓને ગોડાઉન માટે લાયક, સારી કન્ડીશનમાં વહેલા તે પહેલાનાં ધોરણે વ્યાજબી ભાવમાં મકાન વેચવાનું છે.
: સંપર્ક :
૯૩૭૬૬ ૦૫૫૬૨ / ૭૯૮૪૮ ૦૫૭૯૧

**સસ્તુ અને સારૂ ફર્નિચર બનાવવા માટે સંપર્ક**
૬૦,૦૦૦માં 5x6 બેડ, 4x6 કબોડ, ડ્રેસીંગ, સોફો ૨ સીટર સાઈડ બોકસ બેડનાં
**સી.સી. પડદાવાળા**
18mm પ્લાયવુડમાં ફર્નિચર બનાવી આપવામાં આવશે
મો. ૯૯૭૮૬ ૫૪૧૫૫


**ઓફિસ વેચાણ / ભાડે / લીઝથી**
ફુલ આધુનિક ફર્નિચર, CCTV કેમેરા, નવું બિલ્ડીંગ, લીફ્ટ, રોડ ફેસિંગ, ૬૨૨ ચો.ફુટ જગ્યા, જૂનાગઢના મધ્યમાં. CA, કલાસીસ, બેંક, ફાઈનાન્સ કું., IT કંપની, ટ્રેનિંગ સેન્ટર માટે મોકાની જગ્યા ખૂબજ વ્યાજબી ભાવે તાત્કાલીક આપવાની છે.
સંપર્ક : ૯૪૨૬૧ ૬૫૨૧૫

**HOPE**
DIABETES RESEARCH & PHYSIOTHERPY
ડો. દિપક ચુડાસમા
MBBS, PGDM, PhD Scholar
કન્સલટન્ટ ડાયાબીટોલોજીસ્ટ
ડાયાબીટીસ કલીનીક
ડો. નિશિતા ચુડાસમા
BPT, MPT ortho, PhD Scholar
કન્સલટન્ટ ફીઝીયોથેરાપીસ્ટ
હોસ્પિટલમાં ઉપલબ્ધ સારવાર.
✓ ડાયાબિટીસની સંપૂર્ણ સારવાર.
✓ ડાયાબિટીસમાં થતાં આંખ, કિડની અને હૃદયના દર્દના નિષ્ણાંત.
✓ ડાયાબિટીસથી થતા હાથ-પગના દુઃખાવાના નિષ્ણાંત.
✓ ડાયાબિટીસ સાથે બ્લડ પ્રેશર. કોલેસ્ટેરોલ અને થાઈરોઈડની સારવાર.
ફિઝીયોથેરાપીસ્ટ ફેસેલીટીઝ...
● પગ મચકોડાઈ જવો ● ફ્રેકચર ● ગરદનનો દુઃખાવો ● લકવો ● કમરનો દુઃખાવો ● સાંધાનો ઘસારો ● ફ્રોઝમ શોલ્ડર ● ચેતાતંતુને લગતી તકલીફ ● પોસ્ટ ઓપ T.K.R., T.H.R. ● સ્નાયુનો દુઃખાવો ● રમતમાં થતી ઈજા
હોસ્પીટલ દ્વારા દર મહિનાનાં બીજા રવિવારે રાહત દરે ડાયાબીટીસ પ્રોફાઈલ - ફુલ બોડી ચેકઅપ કેમ્પનું આયોજન કરે છે. જેમાં કુલ ૩૫૦૦નાં રીપોર્ટ માત્ર ૧૦૦૦માં કરી દેવામાં આવે છે
કેમ્પ સમય સવારે ૮.૩૦ થી ૧૧.૩૦
રજીસ્ટ્રેશન નંબર ૭૦૪૬ ૨૨ ૦૦ ૪૪
હવેથી નવું સરનામું નોંધી લેશો
૨૦૨, બીજો માળ, દાસારામ પ્રાઈમ-૨, સંકલ્પ હોટલની ઉપર, ફળદુ વાડીની બાજુમાં, ઝાંઝરડા - મધુરમ બાયપાસ રોડ, જૂનાગઢ

સ્પે. રજબનો રોટ માત્ર રૂા. ૨૪૦/-નો કિલો
**નારાયણ બેકરી**
સુખનાથ ચોક, જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

ઉચ્ચ ગુણવત્તા વાળી મગફળીનું શુધ્ધ સીંગતેલ
Nitin Nathvani 7211128822
Divyesh Nathvani 9924012912
GIR KESARI
Premium Quality
દેશી ઘાણીનું શુધ્ધ સીંગતેલ
KHODIYAR MINI OIL MIL
જૂનાગઢ શહેર માટે હોમ ડીલીવરી ફ્રી આપવામાં આવશે
હરીપુર રોડ, મુ. લીમધ્રા, તા. વિસાવદર, જી. જૂનાગઢ

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
**ડૉ. ધવલ સંઘવી**
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩



તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

# જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડનો આઈપીઓ બુધવાર ૭ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ




## પ્રત્યેક રૂા.૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેર દીઠ રૂા.૩૯૩થી રૂા.૪૧૪ ઉપર પ્રાઈઝ બેન્ડ ફિક્સ કરવામાં આવ્યો છે (''ઈક્વિટી શેર'')

(પ્રતિનિધિ દ્વારા)
અમદાવાદ તા.૫

જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ(''બેંક'' અથવા ''જના એસએફબી'') રૂા.૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેર્સનો તેનો આઈપીઓ બુધવાર, ૭ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ ખોલશે. એંકર ઈન્વેસ્ટર બિડિંગ તારીખ મંગળવાર, ૬ ફેબ્રુઆરી, ૨૦૨૪ રહેશે. ઓફર બુધવાર, ૭ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ સબ્સ્ક્રીપ્શન માટે ખૂલશે અને શુક્રવાર, ૯ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ બંધ થશે. ઓફરનો પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેર દીઠ રૂા.૩૯૩થી રૂા.૪૧૪ ઉપર નક્કી કરવામાં આવ્યો છે. બિડ્સ લઘુતમ ૩૬ ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ ૩૬ ઈક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાય છે. બેંક પ્રી-આઈપીઓ પ્લેસમેન્ટ માટે એડજસ્ટ કર્યા બાદ રૂા.૪,૬૨૦ મિલિયનના મૂલ્યના ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યૂ (''ફ્રેશ ઈશ્યૂ'') અને સેલિંગ શેરહોલ્ડર્સ દ્વારા ૨૬,૦૮,૬૨૯ ઈક્વિટી શેર્સ સુધીની વેચાણની ઓફર (''વેચાણ માટેની ઓફર'') (સાથે મળીને ''ઓફર'')નો સમાવેશ કરતા આઈપીઓ દ્વારા ફંડ્સ એકત્રિત કરવાની યોજના ધરાવે છે. ઓફરમાં લાયક ઠરેલા કર્મચારીઓ (''એમ્પ્લોઈ રિઝર્વેશન પોર્શન'') દ્વારા સબ્સ્ક્રીપ્શન માટે રૂા.૧૩૫ મિલિયન સુધીના રિઝર્વેશનનો સમાવેશ થાય છે. બેંક ફ્રેશ ઈશ્યૂથી મળનારી ચોખ્ખી આવકનો ઉપયોગ બેંકની ભવિષ્યની મૂડી જરૂરિયાતોને પહોંચી વળવા માટે બેંકની ટિયર-૧ કેપિટલ બેઝને વધારવા, તેની ટિયર-૧ કેપિટલ તથા સીઆરએઆર વધારવા માટે કરવાની દરખાસ્ત કરે છે. આ ઉપરાંત ફ્રેશ ઈશ્યૂથી મળનારી આવકનો ઉપયોગ ઓફરના સંદર્ભમાં ખર્ચને પહોંચી વળવા માટે પણ કરવામાં આવશે (''ઈશ્યૂનો હેતુ''). ઈક્વિટી શેર્સ બેંગાલરૂ ખાતે કર્ણાટકની રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ(''આરઓસી'')માં પહેલી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ ફાઈલ કરેલા રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ દ્વારા ઓફર કરવામાં આવી રહ્યા છે.

રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ દ્વારા ઈશ્યૂ કરાયેલી ઈક્વિટી શેર્સ બીએસઈ લિમિટેડ (''બીએસઈ'') અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ (''એનએસઈ'') પર લિસ્ટ કરવામાં આવશે. ઓફરના હેતુઓ માટે બીએસઈ નિયુક્ત સ્ટોક એક્સચેન્જ રહેશે. એક્સિસ કેપિટલ લિમિટેડ, આઈસીઆઈસીઆઈ સિક્યોરિટીઝ લિમિટેડ અને એસબીઆઈ કેપિટલ માર્કેટ્સ લિમિટેડ આ ઓફરના બુક રનિંગ લીડ મેનેજર્સ છે. આ પ્રેસ રિલીઝમાં જણાવવામાં આવેલી તમામ કેપિટલાઈઝ્ડ ટર્મ્સ જેની વ્યાખ્યા કરવામાં આવી નથી તેનો અર્થ આરએચપીમાં જણાવવામાં આવ્યા મુજબનો થશે.

# અંગદાનને પ્રોત્સાહન માટે યોજાયેલી કેડી મેરથોનમાં પાંચ હજારથી વધુ લોકો સામેલ થયા






(પ્રતિનિધિ દ્વારા)
અમદાવાદ તા.૫

તા. ૪ ફેબ્રુઆરીના રોજ રિવરફ્રન્ટ ખાતે વહેલી સવારે યોજાયેલી કેડી મેરેથોન-૨૦૨૪ ની બીજી એડિશનમાં પાંચ હજારથી વધુ લોકો માત્ર દોડ માટે જ નહી પણ અંગદાન(**organ donation**)ના ઉમદા ઉદ્દેશને પ્રોત્સાહિત કરવા ઉષ્માભેર સામેલ થયા હતા. ડો. અદિત દેસાઈ, ડો. અનુજા દેસાઈ, ડો. પાર્થ દેસાઈ સહિત કે.ડી હોસ્પિટલ મેનેજમેન્ટ ટીમના અન્ય અગ્રણીઓએ આ પ્રસંગે હાજર રહીને મેરેથોનને લીલી ઝંડી આપી હતી. આ કાર્યક્રમ મારફતે ખેલભાવના દર્શાવવા ઉપરાંત કેડી મેરેથોન-૨૦૨૪નો ઉદ્દેશ અંગદાન માટે (**organ donation**) અનુરોધ કરીને આ મુદ્દે જાગૃતી પ્રસરાવવાનો છે. દેશમાં બે લાખ (૨,૦૦,૦૦૦)થી વધુ વ્યક્તિઓ અંગદાનની પ્રતીક્ષા કરી રહ્યા છે. ત્યારે આ મેરેથોન અંગદાનની પ્રેરણા માટે એક મહત્વનો મુદ્દો બની રહે છે. અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૨૩ માં ભારત ભરમાં પ્રથમવાર ૧૦૦૦ થી વધુ વ્યક્તિઓનું અંગદાન થયું. અને તેમાં ગુજરાત ૧૪૬ અંગદાતા સાથે પાંચમા ક્રમે રહ્યું. જોકે આ પછી પણ ભારત દેશમાં દસ લાખની વસ્તીએ ૦.૮ વ્યક્તિ જ અંગદાન કરે છે, જ્યારે કે બીજા દેશોમાં આ આંકડો ૩૫ થી ૪૦ વ્યક્તિનો છે. કેડી મેરેથોન-૨૦૨૪નો ઉદ્દેશ લોકોને રજીસ્ટર્ડ ઓર્ગન ડોનર બનવાની પ્રેરણા આપીને અંગદાનની માંગ અને પુરવઠા વચ્ચેનુ અંતર ઘટાડવાનો અને અનેક લોકોનો જીવ બચાવવામાં નિમિત્ત બનવાની પ્રેરણા આપવાનો છે. આ પ્રસંગે કેડી હોસ્પિટલે અંગદાનનો હકારાત્મક સંદેશ પ્રસરાવવામાં સહયોગ બદલ સ્ટેટ ઓર્ગન એન્ડ ટીસ્યુ ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગેનાઈઝેશન (**SOTTO**)નો આભાર માન્યો હતો.

આ પ્રસંગે કેડી હોસ્પિટલના મેનેજીંગ ડિરેક્ટર ડો. અદિત દેસાઈ તંદુરસ્તી જાળવવા અંગે મહત્વપૂર્ણ સંદેશો આપતાં તેમના પ્રેરક પ્રવચનમાં જણાવ્યુ હતું કે, ''આપણે તંદુરસ્ત હોઈએ તો અન્યના જીવન માટે મદદરૂપ થઈ શકીએ છીએ. કેડી મેરેથોન એ તમામ લોકોને આરોગ્ય માટે અગ્રતા આપવાની યાદ આપીને પોતાના જીવ ઉપરાંત અન્ય વ્યક્તિ માટે પણ અંગ દાન(**organ donation**) થકી ઉપયોગી બનવાની યાદ અપાવે છે''. કેડી હોસ્પિટલ તેના ઘનિષ્ઠ ટ્રાન્સપ્લાન્ટ પ્રોગ્રામ હેઠળ લીવર, કીડની, હૃદય, ફેફસાં અને કોર્નીયાને આવરી લઈને તબીબી ઉત્કૃષ્ટતાના મશાલચી તરીકે કામ કરી રહી છે. હોસ્પિટલનો સ્ટાફ પણ અંગદાનનુ મહત્વ સમજાવીને વિવિધ જાગૃતી ઝુંબેશોમાં સક્રિય છે. આ પ્રયાસોની સાથે સાથે કરૂણાની ભાવનાથી કેડી હોસ્પિટલે ૧૦૦થી વધુ જાગૃતી ઝુંબેશ વડે ૩ લાખ થી વધુ લોકો સુધી પહોંચીને આરોગ્ય અને સમાજ જાગૃતીની કટીબધ્ધતા વ્યક્ત કરી છે. કેડી મેરેથોન અગત્યના મિશન માટે આ મહત્વપૂર્ણ પ્રયાસ વડે આ મહત્વના ઉદ્દેશ માટેની સફળતામાં કાર્યરત બની આગળ વધી રહી છે.

# શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિરે સુવર્ણરત્ન જડિત મુગટ અર્પણ કરાયો

(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૫





શહેરના જવાહર રોડ સ્થિત ઐતિહાસિક શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સ્વયં શ્રીજીમહારાજે સ્વહસ્તે પધરાવેલા રાજાધિરાજ શ્રી રાધારમણદેવને સુવર્ણ અને રત્નોથી જડિત મુગટ સત્સંગ મહાસભાના પ્રમુખ શાસ્ત્રી સ્વામી નૌતમપ્રકાશદાસજીની પ્રેરણાથી મનોજભાઈ અજમેરા અને પ્રિયાંગભાઈ પટેલ પરિવાર તરફથી અર્પણ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે વડતાલથી આચાર્ય મહારાજ શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી અને ચેરમેન સ્વામી દેવનંદનદાસજી, કોઠારી સ્વામી પ્રેમસ્વરૂપદાસજી એવં ૧૨૫ થી વધુ પૂજનીય સંતો મહંતો ઊપસ્થિત રહ્યા હતા. શાસ્ત્રી નારાયણચરણદાસજી સ્વામીએ સોરઠમાં સહજાનંદ સ્વામીના દિવ્ય પ્રસંગોની કથાનો લાભ આપ્યો હતો. પ્રસંગને સફળ બનાવવા કોઠારી પી.પી. સ્વામી. શાસ્ત્રી કુંજસ્વામી, મુક્તસ્વરૂપ સ્વામી, નારાયણસ્વરૂપ સ્વામી, ભંડારી નૌતમ સ્વામી, ચીમન ભગત આદિક સંતો ભક્તોએ જહેમત ઉઠાવી હતી તેમ પ્રફુલભાઈ કાપડીયાની યાદીમાં જણાવાયું છે.

# શ્રી સોરઠીયા પ્રજાપતિ જ્ઞાતિના ઈષ્ટ દેવી શ્રીબાઈ માતાજીના મંદિરના પરિસરમાં મૂકવામાં આવનાર અલૌકિક ઘંટનું જૂનાગઢ ખાતે કરાયું અદકેરૂ સન્માન

(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૫





જૂનાગઢ શ્રી સોરઠીયા પ્રજાપતિ જ્ઞાતિના લલીતભાઈ વરૂ એક અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લામાં તાલાળા ગામ ખાતે હિરણ નદીના કાંઠે આવેલ પ્રજાપતિ સમાજના ઈષ્ટ દેવી શ્રી શ્રીબાઈ માતાજીના મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ આગામી તારીખ ૨૦, ૨૧, ૨૨ ફેબ્રુઆરીના રોજ ત્રીદિવસયનું ભવ્ય આયોજન કરવામાં આવેલું છે. આ મહોત્સવમાં મંદિરના પરિસરના પ્રવેશ દ્વાર પાસે પંચધાતુ માંથી બનેલ ૪૦૦૦ કિલો (૪ ટન)નો વજન અને સાડા નવ ફૂટની ઊંચાઈ ધરાવતો એક અદભુત અને અલૌકિક ઘંટને મૂકવામાં આવનાર છે. આ ઘંટ રાજકોટ બનાવવામાં આવેલ હતો અને તારીખ ૩-૨-૨૪ને શનિવારના રોજ સાંજે ૦૭ કલાકે ઝાંઝરડા ચોકડી પાસે આવેલ બજરંગ ફાર્મ ખાતેથી સામૈયુ કરી અબીલ ગુલાલના છાંટણાથી પૂજન અર્ચન વિધિ કરી વાજતે ગાજતે ધર્મપ્રેમી જનતાના દર્શનાર્થે ભુરાભાઈ ભોજાભાઈ કોમ્યુનિટી હોલ શ્રી સોરઠીયા પ્રજાપતિ જ્ઞાતિની વાડી સાંતેશ્વર રોડ, સાંતેશ્વર મંદિર પાસે, જૂનાગઢ ખાતે રાત્રી રોકાણ માટે મુકવામાં આવેલ હતો.

આ અલૌકિક અને અદભુત ઘંટનું સામૈયું કરવા માટે જૂનાગઢ શહેરના શાંતેશ્વર, જોષીપરા, દોલતપરા, ખામધ્રોળ, સુખનાથ ચોક, કડિયા વાળ, પંચેશ્વર, લીરબાઈ પરા, ગાંધીગ્રામ, ઝાંઝરડા રોડ, ઈન્દીરાનગર, ટીંબાવાડી-મધુરમ સહિત જુદા જુદા વિસ્તારોમાંથી જ્ઞાતિના આગેવાનો શ્રી વાલજીભાઈ જેઠવા, હરસુખભાઈ ચાંડેગરા, હરેશભાઈ જેઠવા, બાબુભાઈ વડુકર, આશિષભાઈ કોરીયા, રાજુભાઈ જાદવ, નિરવભાઈ જેઠવા, કલ્પેશભાઈ જાદવ, વિજયભાઈ જેઠવા, રશ્મિનભાઈ શિંગળીયા, ભાવેશભાઈ ટાંક, રાકેશભાઈ ગાધેર, જયેશભાઈ જાદવ, અતુલભાઈ વિસાવાડીયા, પી.એ. ટાંક સાહેબ, સુરેશભાઈ વડુકર, મુકેશભાઈ પાણખાણીયા, ડો. પરેશભાઈ ચાંડેગરા, હિતેશભાઈ ચાંડેગરા, પ્રવીણભાઈ કોરીયા, પ્રવીણભાઈ ફટાણીયા, સંજય બુહેચા સહિતના લોકો બહોળી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. જયારે આ અલૌકિક અને અદભુત ઘંટની સાથે રાજકોટથી પધારેલા જ્ઞાતિના આગેવાનો ગોકળ બાપા, દેવજીભાઈ જાદવ, વલ્લભભાઈ ભરડવા, નાનુભાઈ દેવળીયા, ભાવેશભાઈ ગઢવાણા, રમેશભાઈ પાણખાણીયા સહિતનાને આવકારીને વિનુભાઈ ચાંડેગરા સહિત જ્ઞાતિજનો દ્વારા પુષ્પગુચ્છ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ભાવેશભાઈ ખોલીયા, રમેશભાઈ કોરિયા, રસીકભાઈ નેના, અલ્પેશભાઈ કોરિયા સહીતના લોકોએ ભારે જહમત ઉઠાવી હતી. બીજા દિવસે જૂનાગઢથી તાલાળા આ અલૌકિક અને અદભુત ઘંટીને લઈ જવાય રહ્યો હતો ત્યારે જૂનાગઢ શહેર તથા જ્યાં જ્યાંથી આ ઘંટ પસાર થઈ રહ્યો હતો ત્યાંના જ્ઞાતિજનો અને ધર્મ પ્રેમી લોકોએ હાર તોરા, પુષ્પાંજલિ અર્પણ કરી વધાવતા હતા. તેમ યાદીના અંતે જણાવેલ હતું.

# કેશોદમાં આંગણવાડી કર્મચારી દ્વારા કાળાં કપડાં પહેરીને સરકાર વિરૂધ્ધ સુત્રોચ્ચાર કરી રેલી કાઢી



## સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ બજેટમાં અન્યાય કરતાં બજેટની કરી હોળી

(પ્રતિનિધિ દ્વારા)
કેશોદ તા.૫

રાજ્ય સરકાર દ્વારા ગતરોજ રાજ્યનું બજેટ વર્ષ ૨૦૨૩-૨૦૨૪નું બહાર પાડવામાં આવ્યું હતું. રાજ્ય સરકાર દ્વારા બહાર પડાયેલા બજેટની ચારે તરફથી વાહવાહી થઈ રહી છે ત્યારે ગુજરાત રાજ્ય આંગણવાડી સંગઠન દ્વારા તેનો સખત શબ્દોમાં વિરોધ કરવામાં આવી રહ્યો છે, અને ગત રોજ બહાર પડાયેલા બજેટમાં આંગણવાડી કર્મચારી સંગઠનની વિવિધ માંગણીઓ પડતર હોવા પછી પણ તેમની કોઈ માંગણી સ્વીકારવામાં આવી નથી તેવા આક્ષેપ આંગણવાડી કર્મચારી સંગઠન ગુજરાત રાજયના ઉપપ્રમુખ દ્વારા કરવામાં આવ્યો છે. આંગણવાડી સંગઠન દ્વારા આજે કરાશે રાજ્યના બજેટની હોળી કરવાનું જાહેર કરવામાં આવ્યું હતું તે મુજબ કેશોદના માંગરોળ રોડ ઉપર કાળાં કપડાં પહેરીને રાજ્ય સરકાર વિરુદ્ધ સુત્રોચ્ચાર કરતાં કરતાં જાહેર માર્ગ ઉપર રેલી કાઢી અને વિરોધ કર્યો હતો. કેશોદના આંગણવાડી વર્કર બહેનો દ્વારા હમારી માંગે પુરી કરો નહીંતર ખુરશી ખાલી કરો જેવા સુત્રોચ્ચાર કરી રેલી યોજી ચિમકી ઉચ્ચારી હતી કે સરકાર માંગ નહીં સ્વિકારે તો પૂરક પોષણ અને આંગણવાડીને તાળાબંધી કરવામાં આવશે. કેશોદના માંગરોળ રોડ પર સુત્રોચ્ચાર કરતાં રેલી યોજી રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ બજેટની હોળી કરવામાં આવી હતી. રાજ્ય સરકાર દ્વારા આંગણવાડી બહેનોની સોળ પૈકી એકપણ માંગણીનો બજેટમાં સ્વીકાર ન થતા ૧.૪૦ લાખ આંગણવાડી, આશાવર્કરોમાં રોષ ભભૂકી ઉઠયો છે ત્યારે ગુજરાત સરકારનું બજેટ રજૂ થયું તેના પ્રતિભાવમાં ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠન, આશા વર્કર યુનિયને જણાવ્યું છે કે આ બજેટમાં આંગણવાડી , આશાવર્કર અને ફેસીલેટર બહેનોને અન્યાય કરવામાં આવ્યો છે આથી એક લાખ ચાલીસ હજાર બહેનોમાં ભારે રોષ ફેલાયો છે અને આંદોલનની ચીમકી આપવામાં આવી છે. સાથે સાથે તારીખ ૪ માર્ચના રોજ બજેટની હોળી કરવાની જાહેરાત મુજબ કેશોદ ખાતે બહોળી સંખ્યામાં બહેનો એ વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ ઉપરાંત તા.૮ માર્ચના રોજ મહિલા દિવસની ઉજવણી નિમિત્તે વ્યાપક કાર્યક્રમો કરવા માટે ૫મી માર્ચના રોજ તાકીદની મીટિંગ મળ્યાં બાદ જાહેર કરવામાં આવશે.

## ઉના : વિનામૂલ્યે કેમ્પ યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)
ઊના તા.૫

ઊના શહેરમાં ઉન્નત નગર સોસાયટીમાં સરકારી હોસ્પિટલ સામે આવેલ ધરતી મલ્ટી સ્પેશિયલ ડેન્ટલ ઈમ્પ્લાંટ સેન્ટરને એક વરસ પૂરૂ થતું હોય તેથી આજ તા.૫/૨ને સોમવારે સવારે ૯થી સાંજ સુધી વિનામૂલ્યે દાંતના રોગો, મોઢાના રોગોનું નિદાન ડો. વિરેન વસંતભાઈ અભાણી અને ડો. ડિમ્પલ આહુજા દ્વારા તપાસી જરૂરિયાત વાળાને વિના મુલ્યે કેમ્પ યોજાયો.

# ધોરાજીનાં પી.આઈ. એ.બી.ગોહિલની બદલી થતાં વિદાય સમાંરોહમાં જામકંડોરણા ટીમએ તલવારની ભેટ આપી સન્માનીત કર્યા



(હરપાલસિંહ દ્વારા) જામકંડોરણા તા.૫

હાલ ચૂંટણી નજીક આવતા અધિકારીઓની બદલીનો દોર ચાલુ છે. જેમાં ધોરાજીના જાંબાઝ અને કર્મનિષ્ઠ અધિકારી એવા પી.આઈ. એ.બી.ગોહિલની બદલી થયેલ હોય ધોરાજી ખાતે ભવ્ય વિદાય સમારોહ સંતો-મહંતોની ઉપસ્થિતીમાં યોજવામાં અવ્યો હતો. જામકંડોરણાનાં આગેવાનો દ્વારા ગોહિલને શક્તિનું પ્રતિક એવું તલવાર ભેટ આપીને સન્માનીત કર્યા હતા અને જામકંડોરણાની ટીમએ પણ હાજરી આપી હતી. જેમાં જામકંડોરણા રાજપુત સમાજના ઉપપ્રમુખ સુરેન્દ્રસિંહ વાળા, ચરેલ સરપંચ અશોકસિંહ જાડેજા, યુવક મંડળનાં મંત્રી ક્રિપાલસિંહ જાડેજા પીપરડી, સહ મંત્રી વનરાજસિંહ ચોહાણ, સંગઠ્ઠન મંત્રી વિજયસિંહ જાડેજા ચરેલ, કનકસિંહ જાડેજા ચરેલ ઉપસ્થિત રહ્યા હતા.

## :: અવસાન નોંધ ::

જૂનાગઢ : જુનાગઢ નિવાસી શ્રીગોડ મેડતવાડ બ્રાહ્મણ સ્વ.ઉષાબેન જીતેન્દ્રભાઈ ઉપાધ્યાય (ઉંમર વર્ષ -૬૨) તે જીતુભાઈ ઘડીયાલીના ધર્મપત્ની, દિવ્યકાન્તભાઈ અને નયનભાઈના માતુશ્રી નિરૂપાબેન (જીએસઆરટીસી) અને જ્યોતિબેનના સાસુ, મહેશભાઈના ભાભી, જગત અને હરેશના ભાભુ, સુરેશભાઈ (જૂનાગઢ), સરોજબેન અને ભાવનાબેન (જામનગર), વિપુલભાઈ (તાલાલા )ના મોટા બેનનું તા.૩/૨/૨૦૨૪ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું આજ તા.૫/૨/૨૦૨૪ સોમવાર સાંજે ૪ થી ૬ બીલનાથ મહાદેવ મંદિર મોતીબાગ રોડ અક્ષર મંદિરની બાજુમાં જૂનાગઢ ખાતે રાખેલ છે.

જૂનાગઢ : જૂનાગઢ નિવાસી ચુનીલાલ લક્ષ્મીદાસ ખંધેડીયા(લક્ષ્મી એન્ટરપ્રાઈઝ ચા વાળા ) તેભાવેશભાઈ, પ્રદિપભાઈ, અશ્વિનભાઈ, સંજયભાઈ ત્થા ચેતનાબેન નલીનકુમાર વણઝારાના પિતાશ્રી, મોહનલાલ ધરમશીભાઈ પોપટના જમાઈનું તા.૪ના શ્રીજી ચરણ થયેલ છે. સદગતનું બેસણું તા.૫ના સોમવારે સાંજે ૫થી ૬ સિધ્ધનાથ મહાદેવ મંદિર, ઝાંઝરડા રોડ ખાતે રાખેલ છે.

# સોમનાથને આંગણે આજે કસુંબો




(પ્રતિનિધિ દ્વારા) પ્રભાસ પાટણ તા. ૫

સુપ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિર સાંનિધ્યે આજે સાંજે આવનારી ઐતિહાસીક ગુજરાતી ફિલ્મ કસુંબોના કલાકારો, નિર્માતાઓ સહીતનો કાફલો આજે સોમનાથ દાદાને શીશ નમાવી આર્શિવાદ મેળવશે. કલાવૃંદ સાંજે ૪ વાગ્યે વીર હમીરજી ગોહીલની પ્રતિમા દર્શન વંદન અને સાંજે ૪.૩૦ કલાકે સોમનાથ મહાદેવ દર્શન અને સાંજે પાંચ વાગ્યે કસુંબો ફિલ્મના ટાઈટલ સોંગનું વિમોચન કરાશે. આ પ્રસંગે જાણીતા અને ચિત્રપટમાં અભિનયનાં ઓજસ પાથરતા રોનક કામદાર, ધર્મેન્દ્ર ગોહીલ, દર્શન પંડયા, શ્રધ્ધા ડાંગર-મોનાલ, ગજ્જર અને ચેતન ધાનાણી ઉપસ્થિત રહેશે.

# મંગળવારે ષટતિલા એકાદશી મહત્વ અને પૂજન બોધ

ષટતિલા એકાદશીનું મહત્વ પોષ વદ એકાદશીને મંગળવાર તા.૬-૨-૨૪ કરેલા પાપોનું પ્રાયશ્ચિત કરવાનું વ્રત એટલે ષટતિલા એકાદશી. ષટતિલા એકાદશીનું વ્રત કરવાથી સર્વ પાપોમાંથી મુક્તિ મળે છે, આ વ્રતની વિધિ આ પ્રમાણે છે : આ વ્રતના દિવસે વ્રતીએ બ્રહ્મચર્યનું પાલન કરવું, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, વગેરે હલકી મનોવૃત્તિ ઓનો ત્યાગ કરવો. એકાદશીના દિવસે પ્રાતઃ કાળે ઊઠી સ્નાન - વિધિથી પરવારી પુરૂષોત્તમ નારાયણનું પૂજન કરવું, એટલે શ્રી કૃષ્ણ ભગવાનનું વિધિવત પૂજન કરવું, સુગંધિત દ્રવ્યો સમર્પણ કરવાં અને અર્ધ્ય આપી પિતૃઓની સદ્ગતિ માટે પ્રાર્થના કરવી. વિષ્ણુ સહસ્ત્ર નામ બોલવા અથવા તો વિષ્ણુ ભગવાનના જેટલા નામ બોલી શકાય તેટલા બોલવા પીપળાનું પૂજન કરી પીપળાની પ્રદક્ષિણા ફરવી વ્રતધારીએ પોતાની શક્તિ અનુસાર તલનું ભરેલું પાત્ર અને અને વસ્ત્ર બ્રાહ્મણને દાનમાં આપવા. જેટલા તલનું દાન કર્યું હોય તેટલા હજાર વર્ષ પર્યંત સ્વર્ગ પ્રાપ્તિ થાય છે. ખાસ કરીને આ એકાદશીના દિવસે વ્રત અને દાન કરવાથી જીવનમાં શાંતિ અવશ્ય મળે છે આ એકાદશીના દિવસે ઉપવાસ કરવો. મહાભારત અને પદ્મપુરાણ પ્રમાણે વ્રતીએ આ દિવસે ( ૧ ) શરીરે તલના તેલનું માલીશ કરવું, (૨) તલના પાણીથી સ્નાન કરવું, ( ૩ ) તલનો હોમ કરવો, (૪) તલ નાખેલા જળનું પાન કરવું, (૫) તલવટ બનાવીને ખાવો અને (૬) તલનું દાન કરવું. આ છ પ્રકારે તલ પાપ નષ્ટ કરે છે. (તિલા અર્થ શું થાય છે તલ)

**એકાદશીનો બોધ** : જીવનમાં લોભ અને મોહનો હંમેશાં ત્યાગ કરવો જોઈએ તો જ જીવન શાંતિથી પસાર કરી શકાય છે જોઈએ.

**- જ્યોતિષ આચાર્ય રાજદીપ જોશી(વેદાંત રત્ન)**

### ભજન, ભોજન અને સેવાના ત્રિવેણી સંગમ સમા

# મહા શિવરાત્રી મેળાનો આગામી તા.૫ મી માર્ચથી થશે શુભારંભ

## કલેકટર અનિલકુમાર રાણાવસિયાના માર્ગદર્શનમાં તંત્ર દ્વારા મહાશિવરાત્રીના મેળાની પૂર્વ તૈયારીઓ શરૂ





જૂનાગઢ, તા.૫

આધ્યાત્મિક મહત્વ ધરાવતા અને પ્રસિદ્ધ મહાશિવરાત્રીના મેળાનો મહાવદ નોમ અને તા.૫મી માર્ચથી પ્રારંભ થશે. ત્યારે કલેકટર અનિલકુમાર રાણાવસિયાના માર્ગદર્શન અને નેતૃત્વમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મહાશિવરાત્રીના મેળાની પૂર્વ તૈયારીઓ શરૂ કરવામાં આવી છે.

મહાશિવરાત્રીના મેળાની પૂર્વ તૈયારીઓના ભાગરૂપે આજે કલેકટર કચેરી ખાતે સંબંધિત અધિકારીઓ સાથે બેઠક યોજાઈ હતી. કલેકટરશ્રીની અધ્યક્ષતામાં મળેલી આ બેઠકમાં મહાશિવરાત્રીના મેળામાં પધારનાર ભાવિકો માટે જરૂરી પ્રાથમિક સુવિધાઓ અને વ્યવસ્થાઓ કરવા માટે પરામર્શ કરવામાં આવ્યો હતો.

કલેકટરે મોટી સંખ્યામાં ઉમટનાર ભાવિકો માટે પીવાના પાણી, સ્વચ્છતા, માર્ગ મરામત પરિવહન, ફાયર સેફટી, આરોગ્ય, વીજળી સહિતની સુવિધાઓ અને વ્યવસ્થા કરવા માટે સૂચના અને માર્ગદર્શન આપ્યું હતું.

સેવાભાવી સંસ્થાઓ અને ઉતારા મંડળ સાથે પણ જરૂરી સુવિધા ઉભી કરવા અને સ્વચ્છતા સહિતની વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સંકલન કરવા પણ નિર્દેશ આપ્યા હતા. ટ્રાફિક નિયમન અને પાર્કિંગ માટે સંબંધિત અધિકારીઓને સ્થળ વિઝીટ કરીને જરૂરી આયોજન કરવા પણ સૂચના આપી હતી.

શ્રદ્ધાળુઓનું આરોગ્ય ન જોખમાઈ તે માટે ક્લોરિનેશનયુક્ત પીવાનું પાણી અને બિન આરોગ્યપ્રદ તથા ભેળસેળ વાળા ખાદ્ય પદાર્થોનું વેચાણ ન થાય અને અખાદ્ય પદાર્થોનો નાશ કરવા તેમજ જરૂરી પગલાં લેવા માટે પણ સૂચના આપી હતી.

આરોગ્ય સેવાઓ માટે હંગામી દવાખાના શરૂ કરવા ઉપરાંત જરૂરી દવાઓનો જથ્થો ઉપલબ્ધ રહે તે માટે પણ સૂચના આપી હતી. ઉપરાંત પરિવહન સુવિધા માટે વધારાની એસટી બસો અને ટ્રેન દોડાવવા માટેનું આયોજન હાથ કરવા પણ નિર્દેશ આપ્યા હતા.

મહાશિવરાત્રીના મેળામાં આવતા ભાવિકો જૂનાગઢના અન્ય દર્શનીય સ્થળોએ પણ જતા હોય છે, જેથી ગિરનાર, ઉપરકોટ, રોપ વે, મ્યુઝિયમ, સહિતના સ્થળોએ જરૂરી વ્યવસ્થા કરવા માટે જણાવ્યું હતું. આ બેઠકમાં દૂધ, એલપીજી સિલિન્ડર, રીક્ષા ભાડું સહિત અન્ય ચીજ વસ્તુઓ નિયત થયેલ દરે જ વેચાણ થાય તે માટે પણ ચર્ચા કરવામાં આવી હતી. ઉપરાંત યાત્રી સહાયતા કેન્દ્ર અને કંટ્રોલરૂમ શરૂ કરવા માટે પણ ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં નાયબ વન સંરક્ષક અક્ષય જોશી, અધિક નિવાસી કલેકટર એન.એફ ચૌધરી, પ્રાંત અધિકારી સુશ્રી ભૂમિબેન કેશવાલા, ડેપ્યુટી કમિશ્નર ઝાપડા, નાયબ પોલીસ અધિક્ષક અનિલ પટણી, પીજીવીસીએલના અધિક્ષક ઈજનેર પરમાર સહિતના સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સુત્રાપાડા પંથકમા ઉભેલા ઘઉંના પાકમાં (ફૂગ) સુકાગરાનો રોગ ફેલાયો

## પાક તૈયાર થવા જઈ રહ્યો હોય ખેડૂતોના મોઢે આવેલ કોળિયો છીનવાઈ રહ્યો છે

(જાદવ ભોળા દ્વારા)

લોઢવા, તા. ૫

ગીરસોમનાથ જિલ્લામાં સુત્રાપાડાના પંથકમાં પ્રશ્નાવડાના ખેડૂતોનો ઘઉ પાક તૈયાર થવા જઈ રહ્યો છે. ત્યારે જ સુકાગરાના રોગે ભરડો લેતા ખેડૂતોના મોઢે આવેલો કોળીયો છીનવાઈ જવાની ભીતિ સેવાઈ રહી છે. ખેડૂતોએ મોંઘાપાડું ઘઉનું સેવાઈ રહી છે. ખેડૂતોએ મોંઘાપાડું ઘઉંનું બિયારણ, ખાતર, પાણીની વ્યવસ્થા કરીને પાકનું વાવેતર તો કર્યું પરંતુ પાક તૈયાર થવાની અણીયે જ સુકાગરાનો રોગ ફેલાતા ખેડૂતોને પડ્યા માથે પાટું જેવો ઘાટ ઘડાતા ખેડૂતોની મુશ્કેલીમા વધારો થયો છે.



આ રોગ કોનાથી કોના દ્વારા ફેલાયો છે તે કોઈ તારણ બહારના આવતા, કોઈ દવા પણ કારગત નહીં નિવડતા ઉભો પાક સુકાય ગયો છે. જેને લઈ ખેડૂતએ માથે હાથ મૂકીને રોવાનો વારો આવ્યો છે.ઘવ ૧૨૦દિવસે પાકે છે અત્યારે ૭૦દિવસમાં પાકમાં આવીગયા એકવીઘે ઢોઢ ઘાન્ટી ઉત્પાદન થાય એમ હતું. અત્યારે દશમણ પણ થાય એમ નથી મોટા પ્રમાણમા નુકસાન સુત્રાપાડા દરિયાઈ પટેલ વિસ્તારના ગ્રામ્ય પંથકમાં સુત્રાપાડા તાલુકાના ગ્રામ્ય વિસ્તાર પ્રશ્નાવડા જેવા ગામોમાં વાતાવરણને કારણે વિવિધ જીવાત અને ફૂગના ઉપદ્રવ્યો તો વધ્યો છે ત્યારે ભાવના પાકમાં ખેડૂતોને આર્થિક ફટકો પડ્યો છે તે ૧૨૦ દિવસે પાકતા ઘઉં અત્યારે જ ૬૦ થી ૭૦ દિવસમાં પાકમાં આવી ગયા પણ તેમાં બે ખાંડી ઘઉં ઉતરતા તેને બદલે દશ મણ પણ ઉતરે તેમ નથી ત્યારે સુત્રાપાડા તાલુકાના પ્રશ્નાવડા ખેડૂત દ્વારા આ રોગ અંગે કૃષિ નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન તેમજ કોઈ લાગું પડતી દવા અંગે સંશોધનની માંગ કરવામાં આવી છે, ત્યારે ખેડૂતોનો પાક નિષ્ફળ જવાની ભીતી સેવાતા, સરકાર સુકાગરા રોગનો ભોગ બનેલા ખેડૂતોને આર્થિક સહાય ચૂકવવા આવે એવી તેવી ખેડૂતોની માંગ પણ કરી છે.

# જૂનાગઢમાં આંગણવાડી તેડાગર બહેનોને ઘરેલું હિંસા અધિનિયમ -૨૦૦૫થી માહિતગાર કરાયા

## જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા માર્ગદર્શન સેમીનાર યોજાયો





જૂનાગઢ, તા. ૫

જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીનાં માર્ગદર્શન હેઠળ ઘરેલું હિંસાથી સ્ત્રીઓને રક્ષણ અધિનિયમ-૨૦૦૫ અંતર્ગત કાયદાકીય માર્ગદર્શન સેમીનારનું આયોજન સ્ટેટ ઈન્સ્ટિટયૂટ ઓફ રૂરલ ડેવલપમેન્ટ "શશીકુંજ" જૂનાગઢ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આંગણવાડી તેડાગર બહેનોને ઘરેલું હિંસા અધિનિયમ -૨૦૦૫, દહેજ પ્રતિબંધક અધિનિયમ ૧૯૬૧, કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી અધિનિયમ-૨૦૧૩, મહિલાઓ સાથે થતી હિંસાના કિસ્સામાં સરકારની વિવિધ સેવાઓ જેમકે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન, સખી વન સ્ટોપ સેન્ટર, પોલીસ સ્ટેશન બેઈઝ્ડ સપોર્ટ સેન્ટર વગેરેનો લાભ કેવી રીતે મેળવી શકે તે અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવેલ હતી. મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તકની અન્ય યોજનાઓ જેવી કે વ્હાલી દીકરી યોજના, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના, ગંગા સ્વરૂપા પુનઃ લગ્ન આર્થિક સહાય યોજના વગેરે વિષે પણ માહિતી આપવમાં આવી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી, ડૉ.ચંદ્રશ ભાંભી, દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારી, એમ.જી. વારસુર (મ.ન.પા) દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારી, બી.ડી.ભાડ (ગ્રામ્ય) આઈ.સી.ડી.એસ ના મુખ્ય સેવિકા બહેનો તથા જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરીનો સ્ટાફ,આંગણવાડી તેડાગર બહેનો હાજર રહ્યા હતા.

# કોડીનાર તાલુકાનાં ૯ રસ્તાઓ નવા બનાવાશે તેમજ ૭ રસ્તાઓનું નવીનીકરણ રૂા.૧૮ કરોડનાં ખર્ચે થશે

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૫

કોડીનારના ધારાસભ્ય તરીકે ચુંટાયાના ટુંકા ગાળામાં કોડીનાર તાલુકાનાં છેવાડાના ગામડાઓ સુધી વિકાસ યાત્રા પહોંચાડવા સતત પ્રયત્નશીલ ધારાસભ્ય ડો.પ્રદ્યુમન વાજા એ કરોડોનાં વિકાસ કામો મંજુર કરાવ્યા છે.

કોડીનાર પંથકનાં સર્વાંગી વિકાસને ધ્યાને લઈ ધારાસભ્ય ડો.પ્રદ્યુમન વાજા દ્વારા કોડીનાર તાલુકાનાં ગ્રામ્ય વિસ્તારનાં રોડ રસ્તાઓને નવા બનાવવા માટે સતત રાજય સરકારમાં રજુઆત અને સંકલન કરતા હતાં. જેના ફળ સ્વરૂપે ગુજરાતનાં સંવેદનશીલ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા કોડીનાર તાલુકાનાં ગામડાઓને જોડતા ૯ રસ્તાઓને નવા બનાવવા માટે રૂા.૧૮ કરોડ મંજુર કર્યા છે. જેમાં આલીદર હરમડીયા રોડ, ચૌહાણની ખાણ એપ્રોચ રોડ, અરીઠીયા શેઢાયા રોડ, મઠ એપ્રોચ રોડ, બરડા એપ્રોચ રોડ, બોડવા એપ્રોચ રોડ, જિથલા એપ્રોચ રોડ એન એચ ટુ ડોળાસા ચીખલી કોબ રોડ, માઢગામ સોખડા ચીખલી રોડ નવા બનશે. જયારે આદપોકાર એપ્રોચ રોડ, ડોળાસા બોડીદર રોડ, દેવળી એપ્રોચ રોડ, આલીદર સોનપરા રોડ, હરમડીયા ભોમેશ્વર રોડ, હરમડીયા એભલવડ રોડ, છારા ગંગનાથ રોડ ઉપર ડામરકામ, સી.ડી.વર્કસ, નાળાપુલિયાનાં કામો હાથ ધરી અને નવીનીકરણ કરાશે. આમ કુલ ૧૮ કરોડનાં ખર્ચે ૯ રસ્તાઓ નવ નિર્માણ પામશે અને ૭ રસ્તાઓ ને નવીનીકરણ કરાશે.

# કેશોદ આઈ.ટી.આઈ.માં સોલર લાઈટિંગ એસેમ્બલર અને સોલર PV પ્રોજેક્ટ હેલ્પરનો કોર્ષ શરૂ થશે

જૂનાગઢ, તા.૫

રોજગાર અને તાલીમ ખાતા ગાંધીનગરના નિયંત્રણ હેઠળની રાજયની સરકારી આઈ.ટી.આઈ. સંસ્થા કેશોદ ખાતે પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના (PMKVY 4.0) અંતર્ગત ટુંકા ગાળાના કોર્ષના સોલર લાઈટિંગ એસેમ્બલર અને સોલર PV પ્રોજેકટ હેલ્પર શરૂ કરવામાં આવનાર છે. જેથી આ કોર્ષમાં પ્રવેશ મેળવવા માગતા ઉમેદવારોએ આઈ.ટી.આઈ.-કેશોદનો રૂબરૂ સંપર્ક કરવા એક યાદીમાં જણાવાયું છે.

# પીએમ મોદીના વિકસિત ભારતના વિઝનને હાસિલ કરવાનો રોડ મેપ આ બજેટ છે : અમિત શાહ

નવી દિલ્હી, તા.૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ અંતર્ગત વચગાળાનું બજેટ ૨૦૨૪ ગુરૂવારે સંસદમાં રજૂ કરવામાં આવ્યું હતું.જેમાં ખેડૂતો, મહિલાઓ અને મધ્યમ વર્ગના લોકો માટે નવી યોજનાઓની જાહેરાત કરવામાં આવી હતી. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ સ્પષ્ટપણે માને છે કે, 'વચગાળાનું બજેટ ૨૦૨૪ એ પીએમ મોદીના વિકસિત ભારતના વિઝનને હાંસિલ કરવાનો રોડમેપ છે.'

અમીત શાહ માને છે કે અમૃતકાળમાં મોદી સરકારના બીજા કાર્યકાળનું આ વચગાળાનું બજેટ 'સંકલ્પથી સમૃદ્ધિ'નું બજેટ સાબિત થવાનું છે. ભારતને દરેક ક્ષેત્રે અગ્રેસર રાષ્ટ્ર બનાવવાની તેની સફરમાં છેલ્લા ૧૦ વર્ષમાં મોદી સરકારે કરેલી સિદ્ધિઓને ઉજાગર કરતાં આ બજેટ ખેડૂતો, મહિલાઓ અને મધ્યમ વર્ગના લોકો માટે નવી આશા લઈને આવ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં અને કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહના માર્ગદર્શન અંતર્ગત વર્ષ ૨૦૪૭ સુધીમાં સંપૂર્ણ આત્મનિર્ભર અને વિકસિત ભારતનું લક્ષ્ય દેશ સમક્ષ રાખવામાં આવ્યું છે ત્યારે એ દિશામાં આ બજેટ સમૃદ્ધિ લાવશે. દેશના ખેડૂતો માટે નવી તકો લઈને આવ્યું છે. આ બજેટમાં એક રીતે આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે તો બીજી તરફ નેનો ડીએપીના ઉપયોગ અને ડેરી વિકાસ પર પણ ધ્યાન આપવામાં આવ્યું છે. આગામી ૫ વર્ષમાં બે કરોડ વધારાના મકાનોનું બાંધકામ શરૂ કરવાની યોજનાનો લાભ મધ્યમ વર્ગના લોકોને મળશે.

દેશના લોકોએ જોયું છે કે આયુષ્માન ભારત યોજના હેઠળ કરોડો લોકોને ૫ લાખ રૂપિયા સુધીની મફત સારવાર આપવાનું કામ થઈ રહ્યું છે. વચગાળાના બજેટ ૨૦૨૪માં આંગણવાડી કાર્યકરો અને સહાયકોને આયુષ્માન યોજના સાથે જોડવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે, જેથી આ લોકો પણ મફત સારવારનો લાભ મેળવી શકશે. આ ઉપરાંત આ બજેટમાં 'સર્વાઈકલ કેન્સર'ને રોકવા માટે ૯ થી ૧૪ વર્ષની વયની છોકરીઓના રસીકરણને પ્રોત્સાહન આપવા માટે પણ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. સૂર્યોદય યોજના હેઠળ ૧ કરોડ પરિવારોના ઘરો પર રૂફટોપ સોલર એનર્જી સિસ્ટમ લગાવવાનો નિર્ણય પણ અભૂતપૂર્વ છે. આ સાથે એ તમામ પરિવારો દર મહિને ૩૦૦ યુનિટ સુધી મફત વીજળી મેળવી શકશે અને વાર્ષિક બચત પણ થશે.

આગામી પાંચ દાયકાઓ માટે રાજ્યોને કુલ રૂા.૭૫,૦૦૦ કરોડની વ્યાજમુકત લોન આપવાનો નિર્ણય કેન્દ્ર અને રાજ્ય વચ્ચેના સંબંધોને મજબૂત બનાવવામાં ગેમ ચેન્જર સાબિત થશે. આ બજેટ પ્રવાસન ક્ષેત્રને પણ નવી ઉર્જા આપવાનું કામ કરશે. દેશના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વર્લ્ડ કલાસ અને આધુનિક બનાવવા માટે બજેટમાં વધારો એ વિકસિત ભારતના નિર્માણની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. આ ઉપરાંત લોજિસ્ટિક્સ કાર્યક્ષમતામાં સુધારો કરવા અને ખર્ચ ઘટાડવા માટે પીએમ ગતિ શક્તિ હેઠળ ત્રણ મુખ્ય રેલ્વે કોરિડોરની જાહેરાતે દેશવાસીઓ સમક્ષ ભાવિ ભારતની નવી રૂપરેખા પણ મૂકી છે. અમૃતકાળ દરમ્યાન દેશમાં હાઈવે નિર્માણની



ગતિ ત્રણ ગણી વધી ગઈ છે અને એરપોર્ટની સંખ્યા પણ બમણી થઈ ગઈ છે. આજે આધુનિક વંદે ભારત અને નમો ભારત ટ્રેનો પણ નવા ભારતનું ગૌરવ બની રહી છે અને વિશ્વ મંચ પર ભારતની નવી ઓળખ ઊભી કરી રહી છે. મોદીજીની દુરદર્શીતા અને અમિત શાહની કુશળ નીતિઓથીએ નક્કી થઈ ચૂક્યું છે કે વર્ષ ૨૦૪૭ સુધીમાં સંપૂર્ણ વિકસિત અને આત્મનિર્ભર ભારતનું સપનું સાકાર થશે.

# AHPI ગ્લોબલ કોન્કલેવ ૨૦૨૪ સફળતાપૂર્વક પૂર્ણ થયું : ગુજરાતથી પાઈલોટ પ્રોજેક્ટની શરૂઆત

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર, તા.૫

એસોસિએશન ઓફ હેલ્થકેર પ્રોવાઈડર્સ ઈન્ડિયા (AHPI) દ્વારા ૨જી અને ૩જી ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ ગાંધીનગર ખાતે હોટલ લીલામાં આયોજીત ગુજરાતના આરોગ્ય મંત્રી રૂષિકેશભાઈ પટેલની હાજરીમાં AHPI ગ્લોબલ કોન્કલેવ ૨૦૨૪ સફળતાપૂર્વકા પૂર્ણ થયું. કોન્કલેવની થીમ હતી, ઈન્ડિયા એઝ વિશ્વ ગુરૂ ઈન હેલ્થકેર જ૨૦૪૭- વિઝન ટુ રિયાલિટી જેમાં હેલ્થકેર ક્ષેત્રની ૫૦૦ થી વધુ પ્રભાવશાળી વ્યક્તિઓ અને વિચારશીલ નેતાઓને એકસાથે લાવવામાં આવ્યા હતા અને સમગ્ર ભારતમાં આરોગ્યસંભાળની ગુણવત્તા વધારવા માટે ઈનોવેટિવ સોલ્યુશન્સ અને સ્ટ્રેટેજીસ ઉપર ચર્ચા કરવામાં આવી. આ કોન્કલેવમાં હેલ્થકેર ઉદ્યોગના અગ્રણી અને દિગ્ગજ વ્યક્તિઓએ હેલ્થકેર વર્ટિકલને અસર કરતા ભારતીય બજેટના પ્રકાશન ઉપર પણ ભાર મૂક્યો અને ડિજિટલ હેલ્થકેર કમાન્ડ સેન્ટરોના વિકાસની ચર્ચા કરી હતી. AHPI, ક્વોલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (QCI) અને નેશનલ એક્રેડીએશન બોર્ડ ફોર હોસ્પિટલ્સ એન્ડ હેલ્થકેર પ્રોવાઈડર્સ (NABH) સાથે મળીને ભારતના દરેક ખૂણે ગુણવત્તાયુક્ત આરોગ્યસંભાળ લાવવાનું લક્ષ્ય ધરાવે છે, જેમાં



ઓપરેશનલ અને ક્વોલિટી હેલ્થકેર માટે મોટી હોસ્પિટલ્સ નાની હોસ્પિટલ્સને માર્ગદર્શન આપવાની મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આ પહેલની શરૂઆત એક પાયલોટ પ્રોજેક્ટ દ્વારા AHPI ગુજરાત ચેપ્ટરથી કરવામાં આવશે. ગુજરાતના માનનીય આરોગ્ય મંત્રી રૂષિકેશભાઈ પટેલે દેશભરની અનેક હોસ્પિટલ્સને વિશિષ્ટ કેટેગરીમાં ૮૫ એવોર્ડ્સ એનાયત કર્યા.

# ઉનાનાં વાંસોજ ગામે વોલીબોલ રમતમાં યુવાનો ઝળકયા

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના, તા.૫

ઉના તાલુકાના વાંસોજ ગામે ટુર્નામેટનું આયોજન કર્યું હતું જેમાં અલગ અલગ ૬ ટિમ વે ભાગ લીધો હતો જેમાં દરેક ટિમને ટક્કર આપી ફાઈનલમાં (૯૫૮ બોલ્ડ) ટીમ તેમજ (સ્મેચર) ટીમ ફાઈનલમાં આવ્યા અને બંને ટીમ વચ્ચે ટકરની રમત થય જેમાં ૯૮૫ બોલ્ડ ટીમ વિજેતા બની હતી. તેમજ અગાઉ જિલ્લામાં રમવાગયેલ યુવાનોનું સિલેકશન થયેલું જેમાં હરપલસિંહ દરબાર, ગોસ્વામી અક્ષય, ગોસ્વામી જય, ગોસ્વામી ચિરાગ ક્ષેત્ર જોનમાં રમવા જશે અને વાંસોજના યુવાનોના સ્પોન્સર (my cafe diu) જયદીપભાઈ બારૈયા વે શુભેચ્છા પાઠવી અને હજી આગળ આવે તેવી ભૂતનાથ મહાદેવને પ્રાથના કરી હતી. તેમજ યુવાનો રમત ગમત માં આગળ વધે તે હેતુથી મેરૂભાઈ કરશનભાઈ બારૈયા જેઓ પૂર્વ જિલ્લાપંચાયત પ્રમુખ દિવીબેન ના ભત્રીજા છે જેઓએ યુવાનો માટે ગ્રાઉન બનાવી આપ્યું તેમજ થાંભલા, લાઈટો, રમત ગમતના સાધનો જેવી અનેક સુવિધા ઉપલબ્ધ કરી યુવાનોને પ્રોહત્સાહન આપ્યુંછે તેમજ ગામના ધીરૂભાઈ જીવાભાઈ સોલંકી તેમજ ધીરૂભાઈ કાનાભાઈ સોલંકી, જીતુભાઈ નાજાભાઈ સિલોત જોડાય હતા અને ફૂલનહીં તો ફૂલની પાંખડી સ્વરૂપ પોતાનું યોગદાન આપી યુવાનોનો જોશ વધારી રહ્યા હતો અને યુવાનોને આગળ લાવવા મક્કમ બની મદદ કરી રહ્યા છે. સાથે હર્ષદભાઈ ગોસ્વામીનો પણ પૂર્ણ સાથસહકાર મળ્યો તેથી યુવાનોએ દરેક લોકોનો ખુબ ખૂબ આભાર વ્યક્ત કર્યોઅને નેશનલ લેવલ સુધી પોહચવા પુરી મેહનત કરી વાંસોજ ગામનું ગૌરવ વધારવા સંકલ્પ કર્યો છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# જળવાયુ પરિવર્તનને કારણે ભારત અને પાકિસ્તાન જેવા દેશોમાં આ સદીના અંત સુધી શ્રમ ઉત્પાદકતામાં ૪૦ ટકાનો ઘટાડો આવી શકે છે


જળવાયુ પરિવર્તનને કારણે ભારત અને પાકિસ્તાન જેવા દેશોમાં આ સદીના અંત સુધી શ્રમ ઉત્પાદકતામાં ૪૦ ટકાનો ઘટાડો આવી શકે છે. ગ્લોબલ ચેન્જ બાયોલોજી જર્નલમાં પ્રકાશિત એક હાલનું અધ્યયન દર્શાવે છે કે આ કારણે ગરીબી અને બેરોજગારી જેવી સમસ્યાઓમાં વૃદ્ધિ થઈ શકે છે અને ખાદ્ય સુરક્ષા, સકલ ઘરેલુ ઉત્પાદન અને રાષ્ટ્રીય આવક જેવા વિભિન્ન આયામ દુષ્પ્રભાવિત થઈ શકે છે. જળવાયુ પરિવર્તનનાં દુષ્પરિણામથી શ્રમિકોને સુરિક્ષત રાખવા અને તેમની કાર્યક્ષમતા યથાવત રાખવા માટે તેનો સંભવિત ખતરો ઓછો કરવા તથા અનુકૂલન નીતિઓ પર ઠોસ કાર્યવાહી જરૂરી છે.

વસ્તુતઃ જળવાયુ પરિવર્તન કોઈ દેશના અર્થતંત્રને ભારે પ્રભાવિત કરી શકે છે. તેનાથી એક તરફ નોકરીઓની તકોમાં ઘટાડો આવી શકે છે તો બીજી તરફ તેનાથી વિભિન્ન કાર્યોમાં સંલગ્ઘ્ન શ્રમિકોની શ્રમ ઉત્પાદકતા પણ પ્રભાવિત થઈ શકે છે. વિભિન્ન અધ્યયનોથી ખબર પડે છે કે ઉચ્ચ તાપમાન અને વધેલું વાયુ પ્રદૂષણ શ્રમિકોના કાર્ય કરવાની ક્ષમતાને દુષ્પ્રભાવિત કરે છે. જળવાયુ પરિવર્તનને કારણે થનારી ચરમ હવામાન ઘટનાઓ તેમના રોજગારને છીનવી શકે છે, કારણ કે એવી સ્થિતિમાં તેમનું કામ પર જવું સંભવ નથી થઈ શકતું. ગ્લોબલ વોર્મિંગ રૂપે થનારી વધારાની ગરમી કામ કરવા દરમ્યાન અને ત્યારબાદ શ્રમિકોને જોખમમાં મૂકી શકે છે. એવી જ મુશ્કેલીઓનો સામનો અન્ય કઠોર હવામાન સ્થિતિઓમાં પણ કરી શકાય છે.

આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠનના સંબંધિત રિપોર્ટ અનુસાર ૩૫ ડિગ્રી સેલ્સિયસથી વધુ તાપમાન પર કામ કરનાર એક શ્રમિક પોતાની કાર્યક્ષમતાના ૫૦ ટકા ગુમાવી દે છે. અનુમાન છે કે ઉચ્ચ તાપમાનને કારણે ૨૦૩૦ સુધી દુનિયાભરમાં કુલ કામકાજી કલાકોમાં અઢી ટકા, જ્યારે વૈશ્વિક સકળ ઘરેલુ ઉત્પાદનમાં ૨૪૦૦ અબજ ડોલરનો ઘટાડો થઈ શકે છે. ગ્લોબલ વોર્મિંગથી કૃષિ અને નિર્માણ ક્ષેત્રના શ્રમિક સૌથી વધુ દુષ્પ્રભાવિત થશે. ૨૦૩૦ સુધી આ બંને ક્ષેત્રોમાં કુલ કામકાજી કલાકોમાં ૬૦ અને ૧૯ ટકાનો ઘટાડો જોવા મળી શકે છે.

એવી આશંકા પણ વ્યક્ત કરાય છે કે જળવાયુ પરિવર્તનથી શ્રમ ઉત્પાદકતામાં થનારા ઘટાડાથી દેશની અર્થવ્યવસ્થાને નુક્સાન ઉઠાવવું પડી શકે છે. તેનાથી વિભિન્ન ક્ષેત્રોમાં શ્રમિકોની માંગમાં ઘટાડો થઈ શકે છે અને ગરીબી અને બેરોજગારીની સમસ્યા વધી શકે છે, જેનાથી ખાદ્ય સુરક્ષાનું સંકટ વધી શકે છે. તેથી જળવાયુ પરિવર્તનથી શ્રમ ઉત્પાદકતાને યથાવત રાખવાની વ્યવસ્થા કરવી પડશે. આ બાબતે શ્રમિકોને જાગૃત કરી શકાય છે. સાથે જ આખી દુનિયાને જળવાયુ પરિવર્તનનો ખતરો ઓછો કરવાની દિશામાં પોતાના પ્રયત્ન ચાલુ રાખવા પડશે.

# સોમનાથના સમુદ્રમાં ગેરકાયદે લાઈન ફિશીંગ કરતી મહારાષ્ટ્રની ૬ બોટોને કોસ્ટગાર્ડએ ઝડપી પાડી



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૫

અરબી સમુદ્રમાં ગેરકાયદેસર ફિશિંગ થતી હોવાની માછીમારોની રજુઆતની સાબિતી આપવાની સાથે સમુદ્રી સુરક્ષા સામે પ્રશ્નાર્થ સમાન ઘટના સામે આવી છે. જેમાં ઈન્ડિયન કોસ્ટગાર્ડ અને મરીન પોલીસે સોમનાથના સમુદ્ર માંથી ગેરકાયદે લાઈન ફિશિંગ કરતી મહારાષ્ટ્રની ૬ બોટો ઝડપી પાડી હતી. જેમાં એક જ લાયસન્સ ઉપર ૨ ફિશિંગ બોટો દરીયામાં ફરી રહ્યાનો ઘટસ્ફોટ થયો છે. ત્યારે આ તમામ બોટોને વેરાવળ બંદરે લાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગુજરાતના અને ખાસ કરીને ગીર સોમનાથ પોરબંદર જીલ્લાના સમુદ્રમાં અનેક રાજ્યોની ફિશિંગ બોટો દ્વારા ગેરકાયદે લાઈન ફિશિંગ કરવામાં આવતી હોવાની અનેકવાર ફરિયાદ ઉઠી રહી હતી. તો તાજેતરમાં જ વેરાવળ ખારવા માછીમાર બોટ એસો.ના હોદેદારોએ મુખ્યમંત્રીને પણ રૂબરૂ મળી ગેરકાયદેસર લાઈન સહિતની ફિશીંગ અંગે વિસ્તૃત ફરિયાદ કરી હતી. જેને લઈ હરકતમાં દરીયાઈ સુરક્ષા એજન્સીઓએ દરિયામાં પેટ્રોલીંગ વધારેલ હતું. દરમ્યાન ગીર સોમનાથના સમુદ્રમાં ગેરકાયદે લાઈન ફિશિંગ કરતી મહારાષ્ટ્ર અને રત્નગીરીની ૬ જેટલી ફિશિંગ બોટોને કોસ્ટગાર્ડ અને મરીન પોલીસ દ્વારા સંયુક્ત રીતે ઓપરેશન હાથ ધરી ઝડપી પાડવામાં આવી છે. આ ઝડપાયેલી ફિશીંગ બોટોની પ્રાથમિક તપાસમાં મોટું કૌભાંડ સામે આવ્યું છે. જે સમુદ્રી સુરક્ષાને લઈને પણ અનેક સવાલો સર્જ્યા છે. વેરાવળ બંદર ઉપર લવાયેલ આ તમામ ફિશિંગ બોટોમાં એક જ લાયસન્સ ઉપર એકથી વધુ ફિશિંગ બોટો દરિયામાં ગેરકાયદે ફિશીંગ કરી રહ્યાનો ઘટસ્ફોટ થયો છે. ત્યારે વેરાવળ માછીમાર બોટ એસો.ના સેક્રેટરી દિનેશ વધાવીએ આ કૌભાંડનો ખુલાસો કર્યો છે અને સરકાર આ મામલે ઉંડી તપાસ કરી કડક કાર્યવાહી કરે તેવી માંગણી કરી છે. ગીર સોમનાથના સમુદ્રમાં ૨૫૦ થી ૩૦૦ જેટલી ફિશિંગ બોટો આ પ્રકારની ગેરકાયદેસર પ્રવૃતિ કરી રહી છે જેને અટકાવી ખૂબ જ જરૂરી છે. તો સ્થાનિક માછીમાર રમેશ ફોફંડીએ જણાવ્યું હતું કે, દરિયામાં ગેરકાયદે લાઈન ફિશિંગ કરતી પરપ્રાંતીય બોટોને અટકાવવા જતા અમારા સ્થાનિક માછીમારો ઉપર હુમલા કરવામાં આવે છે. ત્યારે આ ઘટનાને સરકાર અને એજન્સીઓએ ગંભીરતાથી લઈ ભવિષ્યમાં આવી ઘટના ફરી ન બને ગેરકાયદેસર લાઈન ફિશીંગ પ્રવૃત્તિ ઉપર અંકુશ આવે તેવી કડક કાર્યવાહી કરવી જોઈએ.

# કોડીનારના બરડા ગામની સીમમાં સ્ટેટ મોનીટરીંગની ટીમે દેશી દારૂની ભઠ્ઠી ઉપર દરોડો પાડયો

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૫

ગીર સોમનાથ જીલ્લાના કોડીનારના તાલુકાના બરડા ગામની સીમમાં ચાલતી દેશી દારૂની ભઠ્ઠી ઉપર સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે ગત મોડીરાત્રીના દરોડા પડ્યા હતા. જ્યાં સ્થળ ઉપરથી દેશી દારૂ ભરેલા કેનો તેમજ દારૂ બનાવવાની સાધન સામગ્રી સહીત અડધા લાખનો મુદામાલ જપ્ત કરી બે શખ્સો સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ કોડીનાર તાલુકાના બરડા ગામની સીમ વિસ્તારમાં ચાલતી દેશી દારૂની ભઠ્ઠી ઉપર ગત મોડી રાત્રે સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે દરોડો પાડી દેશી દારૂનો જથ્થો ઝડપી પાડયો હતો. સ્થળ ઉપરથી ૩૯૦ લિટર દેશી દારૂના કેનો તથા દેશી દારૂ બનાવવાના સાધન- સામગ્રી, રીક્ષા સહિત કુલ રૂા.૫૨,૬૦૦નો મળી આવેલ મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ દારૂનું વેચાણ કરતો મુખ્ય આરોપી ભીખા બાલુ વંશ સહિત બે શખ્સો વિરૂદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમએ દરોડા સમયે મુખ્ય આરોપી મળી ન આવતા તેને પકડવા શોધખોળ હાથ ધરી છે. આ મામલે કુલ બે શખ્સો સામે પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કોડીનારના વેલણ જૂથ ગ્રામ પંચાયતના મહિલા સરપંચ વિરૂધ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ મંજૂર



(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૫

કોડીનાર તાલુકાના વેલણ, કોટડા, માઢવાડ જૂથ ગ્રામપંચાયતના મહીલા સરપંચ સામે ઉપસરપંચ સહિત ૧૩ સભ્યોએ અવિશ્વાસ પ્રસ્તાવની દરખાસ્ત મંજૂર કરતા કોડીનાર તાલુકાના રાજકારણમાં ગરમાવો ફેલાયો છે. વેલણ જૂથ ગ્રામ પંચાયતના ઉપસરપંચ સહિતના ૧૧ સભ્યોએ વેલણ ગ્રામપંચાયત ના તલાટી કમ મંત્રી સમક્ષ ગત ૫ જાન્યુઆરીના રોજ મહીલા સરપંચ મનીષાબેન લખમભાઈ આગિયા વિરૂદ્ધ સરપંચની કાર્ય પધ્ધતિ બરોબરના હોવાના કારણો દર્શાવી અવિશ્વાસ પ્રસ્તાવની દરખાસ્ત રજૂ કરતું પત્ર પાઠવ્યું હતું જેને લઈને તાલુકા વિકાસ અધિકારીએ એજન્ડા બહાર પાડવા જણાવ્યું હતું. જેના ૧૫ દિવસ બાદ પણ સરપંચ મનીષાબેન દ્વારા એજન્ડા બહાર નહિ પડતા તાલુકા વિકાસ અધિકારી દ્વારા ૨૩ જાન્યુઆરીના રોજ ૩૧ જાન્યુઆરીના રોજ એજન્ડા બહાર પાડી ખાસ સભા બોલવા હુકમ કર્યો હતો. જેને લઈ વિસ્તરણ અધિકારી વી.જે.ચોહાણની હાજરીમાં ઉપસરપંચ દક્ષાબેન હરેશભાઈ ચાવડાની અધ્યક્ષતામાં ખાસસભા મળી હતી. જેમાં વધુ ૨ સભ્યોએ પણ સરપંચ મનીષાબેન આગિયાની કાર્ય પધ્ધતિ સામે વિરોધ નોંધાવી કુલ ૧૩ સભ્યોએ અવિશ્વાસની દરખાસ્ત મંજૂર કરવાના સમર્થનમાં પોતનો મત રજૂ કરતાં ૨/૩ (બે તૃતીયાંશ) સભ્યોએ સરપંચ સામે અવિશ્વાસ પ્રસ્તાવ ઠરાવ મંજૂર કર્યો હતો. જેને લઈ તાલુકા વિકાસ અધિકારીએ ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૫૬(૨) અન્વયે પ્રસ્તાવ પસાર કાર્યના ત્રણ દિવસ બાદ ખાલી પડેલી સરપંચની જગ્યાએ ઉપસરપંચને સરપંચ તરીકેની સત્તા ભોગવવાનો હુકમ કરતાં વેલણ કોટડા માઢવાડ જૂથ ગ્રામ પંચાયતના સરપંચ તરીકેનો ચાર્જ ઉપસરપંચ દક્ષાબેન હરેશભાઈ ચાવડા સોંપતા સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવ્યો હતો.

# એહમદ પુર માંડવી ચેક પોસ્ટ ઉપર તોડ કાંડ મામલે એ.એસ.આઈ. નિલેશ છગનભાઈ મૈયાની આગોતરાં જામીન અરજી નામંજૂર કરતી ઊના કોર્ટ

(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા.૫

ઊનાથી દીવ જતા પ્રવેશ દ્વારા અહેમદપુર માંડવી ચેક પોસ્ટ ઉપર સહેલાણીઓ દીવથી ગુજરાતમાં આવે ત્યારે મોટી રકમનો તોડ કરી લોકોને હેરાન કરતા હોવાની ફરીયાદો ઉઠી હતી. તેથી ગત તારીખ ૩૦ડિસેમ્બરના સાંજે ગીર સોમનાથ જિલ્લાની એ.સી.બી ટીમે રનિગ ટ્રેપ કરેલ હતી અને અફડા તફડી મચી ગઈ હતી. જેમાં પોલીસ ઈન્સ્પેટર ગોસ્વામીનો વચેટીયો નિલેશ અભેસિંહ તડવીને પકડી પાડયો હતો અને તેમની પાસે રહેલ મોબાઈલ ફોનમાં ડિટેલ કઢાવતા આ પ્રકરણમાં ઊનાના પોલીસ ઈન્સ્પેકટર એન.કે. ગોસ્વામી અને એ.એસ. આઈ. નીલેશ છગનભાઈ મૈયાની સંડોવણી બહાર આવતા ત્રણ સામે ફરિયાદ દાખલ કરી હતી અને નીલેશ તડવીને રિમાન્ડ લીધી હતી.

અને રિમાન્ડ પૂરી થતા કોર્ટે જેલ હવાલે કર્યો હતો. ત્યાર બાદ ફરાર એ.એસ.આઈ. નીલેશ મૈયાએ તેમના વકીલ મારફત ઊના કોર્ટમાં આગોતરાં જામીન અરજી કરી હતી અને કોર્ટે બન્નેના વકીલોને સાંભળી અને અંતે એ.એસ.આઈ. નીલેશ મૈયાની જમીન અરજી નામંજૂર કરવામાં આવી હતી. હવે નીલેશ મૈયા ક્યારે હાજર થશે તે જોવાનું રહ્યું. હજી પણ તત્કાલીન પોલીસ ઈન્સ્પેકટર એન.કે. ગોસ્વામી અને એ.એસ. આઈ. નિલેશ મૈયા એસીબી પોલીસની પકડથી દુર છે.

# માંગરોળ જામિઅહ રિયાઝુસ્સાલિહીન અને રૌઝતુસ્સાલીહાત નો ૨૯મો વાર્ષિક ઉત્સવ ઉજવાયો

(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ તા.૫

માંગરોળના મૌલાના અ. કાદીર ઉદયાની સરપરસ્તીમાં ચાલતા મદ્રેસા જામિઅહ રિયાઝુસ્સાલિહીન અને શૈક્ષણિક સંકુલનો ૧૯મો વાર્ષિક ઉત્સવ શનિવારે રાત્રે, જ્યારે રવિવારે બપોરે છોકરીઓના મદ્રેસા જામિયહ રૌઝતુસ્સાલીહાતનો ૨૯ મો વાર્ષિક ઉત્સવ હર્ષોલ્લાસ સાથે ઉજવાયો હતો. આ બંને પ્રોગ્રામમાં મદ્રેસાના તલબા, તાલિબાત અને સ્કૂલના વિદ્યાર્થીઓએ નાત, નઝમ, તકરીરો અને નાટકો રજૂ કરી લોકોને મંત્રમુગ્ધ કર્યા હતા. આ વર્ષે મદ્રેસા રિયાઝુસ્સાલિહીન માથી હાફિઝે કુર્આન થનારા પંદર(૧૫) તલબા(વિદ્યાર્થીઓ) તેમજ રૌઝતુસ્સાલીહાત માથી આલિમા થનાર ઓંગળીસ (૧૯), તેમજ ૩૦ (ત્રિસ) મોમિનાત તાલિબાત(વિદ્યાર્થીનિઓ)ને પ્રમાણપત્રો અને ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. રાત્રિના પ્રોગ્રામમાં મહારાષ્ટ્ર માલેગાંવના ધારાસભ્ય મુફતી ઈસ્માઈલ કાસમી, શાયરે ઈસ્લામ કારી એહશાન મોહશીન ઉપસ્થિત રહ્યા હતા. મોલાના ઈસ્માઈલે હાફીઝે કૂર્આન થનાર તલબાઓને મુબારકબાદી આપી કૂર્આનની અઝમત ઉપર તકરીર કરી હતી. કારી એહશાન મોહશીને નાત, શાયરીઓ, ગઝલો રજૂ કરી શાયરાના મહેફિલ જમાવતા શાયર રશિયાઓ ઝુમી ઉઠયા હતા. આ પ્રોગ્રામમાં મુખ્ય મહેમાનો, શહેરની અનેક સંસ્થાના સંચાલકો, આગેવાનો, ઉલ્માઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. દિવસ રાત્રીના આ બંને પ્રોગ્રામમાં લોકોનું ઘોડાપુર ઉમટી પડયું હતું.

# રૂફટોપ સોલા સબસીડી ૬૦થી ૭૦ટકા આપવા માણાવદર પંથકની જનતાની માંગ

(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર તા. ૫

સમગ્ર દેશમાં ભાજપ સરકાર દ્વારા છેલ્લા ઘણા વર્ષોમાં રૂફટોપ સોલાર પેનલમાં મફત ઉર્જા-વીજ ઉત્પાદન કરવાનો ઉપયોગ સફળ રહયો છે. ત્યારે માણાવદર તાલુકામાં અનેક જાગૃત ગ્રાહકોએ સોલાર પેનલથી વીજ ઉત્પાદન કરવા ઘરની અગાશીમાં જ પ્લાન ફીટ કરાવ્યા છે. જેમાં હાલ ૪૦ ટકા સબસીડી છે તેને ૬૦ થી ૭૦ ટકા કરવા લોકમાંગણી ઉઠવા પામી છે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ડમી સીમ કાર્ડથી વિવિધ અસામાજિક પ્રવૃત્તિઓ આચરતા પાંચ શખ્સો ઝડપાયા

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૫

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી હોટેલ બુકિંગના નામે થતી ઠગાઈ તેમજ અન્ય પ્રકારે ઓનલાઈન છેતરપિંડી અને આ પ્રકારના વિવિધ ગુનાઓનો ભેદ ઉકેલવા દેવભૂમિ દ્વારકા જિલ્લા સાયબર ક્રાઈમ સેલ પોલીસને નોંધપાત્ર સફળતા મળી છે. તેમજ ન્યુડ કોલ ફોડના પાંચ આરોપીઓને દબોચી લેવા માટે સફળતા મેળવી હતી. આ પ્રકરણમાં પોલીસે વડોદરાના ભાયલી વિસ્તારમાં રહેતા મોનાર્ક મહેશભાઈ પટેલ(ઉ.વ. ૨૪), રાજસ્થાન રાજયના ડીગ જિલ્લાના કામા તાલુકામાં રહેતા ધનસિંઘ ગોપાલ ગુર્જર(ઉ.વ. ૨૬), પહાડી તાલુકાના રસીદ જશમાલ મેવ(ઉ.વ. ૨૪), મધ્યપ્રદેશ રાજ્યના રેવા જિલ્લાના હુઝુર તાલુકાના રહીશ અને વેબ ડેવલપર તરીકે કામ કરતા નીરજ સુશીલ ત્રિવેદી(ઉ.વ. ૩૫), અને મધ્યપ્રદેશ રાજ્યના ખજુરીતાલના મૂળ વતની અને હાલ નહેરુનગર(જી. રેવા, એમ.પી.) ખાતે રહેતા કૌશલેન્દ્રપ્રસાદ મોહનપ્રસાદ વર્મા (ઉ.વ. ૩૨) નામના પાંચ શખ્સોને દબોચી લેવામાં આવ્યા હતા.

# વેરાવળના ઉકડીયા ગામ નજીકથી આદમખોર દીપડો પાંજરે પુરાયો

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૫

વેરાવળના ઉકડિયા ગામ નજીકથી અંતે આદમખોર દિપડો પાંજરે પુરાયો છે. વન વિભાગ દ્વારા સાત જેટલા પિંજરાઓ મૂકવામાં આવ્યા હતા. આજે વહેલી સવારે હસ્નાવદર નજીક આ દીપડો પાજેરે પુરાતા વન વિભાગ દ્વારા દીપડાને એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ અંગની પ્રાપ્તિ વિગતો અનુસાર ગત તારીખ ૩૦ ની સમી સાંજના ઉકડીયા ગામે વાડી વિસ્તારમાં મકાનના ફળિયા પાસે રમી રહેલ અક્ષ ઉમેશભાઈ પીઠીયા નામના ચાર વર્ષના માસુમ બાળકને દીપડાએ હુમલો કરી ઉઠાવી ગયો હતો. જોકે ઘરના સભ્યોએ દેકારો બોલાવતા અને તાત્કાલિક ગ્રામજનો એકઠા થઈ ગયા હતા અને એક કલાકની શોધખોળ બાદ બાળક ઈજાગ્રસ્ત હાલત માં મળી આવ્યું હતું. જોકે બાળકને સારવાર મળે તે પૂર્વે જ દમ તોડી દીધો હતો આ કમકમાટી ભરી ઘટનાના પગલે ગ્રામ્ય વિસ્તારમાં લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો હતો અને દીપડાને પાંજર પુરવા માટે ઉગ્ર માંગ ઉઠી હતી. ત્યારે વન વિભાગ દ્વારા પણ આ માનવ લોહી ચાખી ગયેલ દીપડાને સત્વરે પાંજરે પૂરવા માટે બનાવ સ્થળ તેમજ આજુબાજુના વિસ્તારમાં સાત જેટલા પિંજરાઓ મૂકવામાં આવ્યા હતા અને સતત દીપડાને પાંજરે પુરવા માટે રાત દિવસ જહેમત ઉઠાવવામાં આવી હતી. દરમ્યાન વહેલી સવારે બનાવ સ્થળથી ૫૦૦ મીટર દૂર હસનાવદરની સીમમાં રાખવામાં આવેલ એક પાંજરામાં આ દીપડો પુરાઈ ચૂક્યો છે વેરાવળ રેન્જના આર. એફ. ઓ. કે.ડી.પંપાણીયા ના જણાવ્યા મુજબ ગ્રામજનો અને વન વિભાગની ખરાઈ મુજબ બાળક ઉપર હુમલો કરનાર આ જ દીપડો હોવાનું ફલિત થયું છે. હાલ વન વિભાગ દ્વારા આ આદમખોર દીપડાને અમરાપુર એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યો છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

કઠોર વચનો બોલનારને કઠોર વચનો સાંભળવાનો સમય આવે છે.

- તૈલંગસ્વામી

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.શહેરેવર-૧૩૯૩, મુ. રજ્જબ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, પોષ વદ-૧૦, તા.૫ ફેબ્રુઆરી ૨૦૨૪, સોમવાર, પારસી તા.૨૪, મુસ્લિમ તા.૨૪, અનુરાધા નક્ષત્ર, ધ્રુવ યોગ, બવ કરણ, સૂ.ઉ.૭:૩૧, સૂ.અ.૬:૪૦

આજનો દિવસ સવારે ૭:૫૩ ક. સુધી શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

## સાપ્તાહિક રાશી ભવિષ્ય

## તા.૦૫-૦૨-૨૦૨૪ થી ૧૧-૦૨-૨૦૨૪ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન નિર્ણયોમાં વિલંબ સંભવ છે. લાભની તક હાથમાંથી સરી જાય. સ્થાવર મિલ્કત અંગેના પ્રશ્નોમાં વિઘ્ન આવે. નાણાંકીય સ્થિતિ મધ્ય રહે. ધંધા-વ્યવસાય ક્ષેત્રે પરિશ્રમ કરવો જરૂરી બને. નોકરીયાત વર્ગને કાર્યબોજ વિશેષ રહે જેથી થાક અનુભવાય. કૌટુંબિક વાતાવરણ સહકારભર્યું રહે. ભાઈ-બહેનથી લાભ થાય. જીવનસાથીથી મતભેદ ન થાય તે જોવું. સંતાનો અંગેના પ્રશ્નોનો ઉકેલ મળે. આરોગ્ય જાળવવું હિતાવહ.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન માનસિક ચિંતા રહ્યા કરે. નાણાંકીય બાબતના પ્રશ્નોમાં વિઘ્નો આવે. તેમજ દરેક કાર્ય અટકી-અટકીને પૂર્ણ થાય. ધંધા-વ્યવસાય ક્ષેત્રે નવી તકો મળે. તેમજ વડીલ વર્ગના સાથસહકાર પ્રાપ્ત થાય. નોકરીયાત વર્ગની સાનુકૂળ સ્થિતિ, સહકર્મચારી વર્ગનો સાથ-સહાકર મળે. જીવનસાથી સાથે આનંદમય વાતાવરણ રહે. નાનોએવો પ્રવાસ કરી શકશો. અલબત્ત પડવા-વાગવાથી કે અકસ્માતથી સંભાળવું.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

આ સમય દરમિયાન મન અસ્વસ્થ રહે તેમજ આત્મવિશ્વાસ ડગી જાય. મનની મુરાદ ન આવે. જોકે જીવનસાથી તરફથી સહયોગ મળે. પારિવારીક કાર્યમાં વ્યસ્ત રહેવાય. યાત્રા-પ્રવાસમાં સાવચેતી રાખવી. નાણાંકીય લેવડ-દેવડમાં સંભાળવું. ખોટી ઉગ્રતાને કાબુમાં રાખવી નહીં તો મુશ્કેલી રહે.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

આ સપ્તાહ દરમિયાન પારિવારીક જવાબદારી વધે, નાણાંકીય લાભ મળે. પારિવારીક માનમાં વધારો થાય. પ્રગતિકારક સમય હોતા દરેક કાર્યોમાં સરવાળે સફળતા મેળવી શકશો. સંતાનના સ્વાસ્થય અંગે ચિંતાજનક સ્થિતિ રહે. વડીલ વર્ગ તરફથી લાભ મળવાનો સંભવ છે. કોઈને મનદુઃખ થાય તેવા કુટવચન ન બોલશો.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

આ સપ્તાહ દરમિયાન ક્રોધ પર કાબુ રાખવો અન્યથા નુકશાનીના ભોગ બનવું પડે. પારિવારીક સુરક્ષા માટે જાગૃતિ કેળવવી હિતાવહ. વિરોધીવર્ગ પ્રબળ બને. કાર્યબોજમાં વધારો થાય. આર્થિક સમસ્યા હળવી બને અલબત્ત રોકાણ ટાળવું હિતાવહ. પ્રવાસ-મુસાફરીના યોગ છે. માનસિક તનાવમાંથી સપ્તાહના અંત સુધી મુક્ત થઈ શકશો.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

આ સપ્તાહ દરમિયાન આર્થિક ક્ષેત્રે પ્રગતિકારક સમય છે. મનોકામના સિધ્ધ થાય. યાત્રા-મુસાફરીના યોગ નકારી શકાય. જૂના સંબંધો દ્વારા લાભ મળે. કોઈ સંકટ કે મુશ્કેલીમાંથી માર્ગ મળે. નવા કાર્યોમાં સફળતા મેળવી શકશો. સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. જીવનસાથી-વડીલવર્ગનો સાથ-સહકાર પ્રાપ્ત થાય. નવિન શુભ સમાચાર મળે.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન કોર્ટમાં વ્યસ્ત રહેવાય. સફળતા માટે જરૂરી ધીરજપૂર્વક દરેક કાર્યો હાથ ધરવા. આવક-જાવકનું પાસુ આ સમય દરમિયાન સરભર રહે. સસરા પક્ષ તરફથી નાનો એવો લાભ મેળવી શકશો. ભાઈ-બહેનોના કાર્યોમાં સફળતા મળે. અધ્યાત્મિક કાર્યોમાં અભિરૂચિ વધે. આરોગ્ય સુધરે, જૂના રોગોમાંથી મુક્તિ મેળવી શકશો.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન માનસિક સ્વસ્થતા રહે તેમજ આત્મવિશ્વાસ વધે. નાણાંકીય આકસ્મીક લાભ મળે. વારસા, મિલ્કત અંગેના પ્રશ્નોનો ઉકેલ લાવવા સાનુકૂળ સમય. નોકરીયાત વર્ગને કાર્યમાં સફળતા પ્રાપ્ત થાય. તેમજ તેની માન-પ્રતિષ્ઠા વધે. કૌટુંબિક દ્રષ્ટિએ વડીલ વર્ગનો સાથ-સહાકર મેળવી શકશો. જીવનસાથી સાથે વિશેષ લગાવ રહે અલબત્ત તેનું આરોગ્ય જાળવવું હિતાવહ.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન ધીરજ અને શાંતિથી કાર્ય કરવું હિતાવહ. ધંધાકીય પરિસ્થિતિ યથાવત રહે. અલબત્ત મહેનત દ્વારા ઉજળી તકોનું સર્જન કરી શકશો. નોકરીયાત વર્ગને ઉપરી અધિકારી સાથે વાણી ઘર્ષણ થવા સંભવ છે. કૌટુંબિક પરિસ્થિતિ મધ્યમ રહે. ભાઈ-બહેન સાથે મતભેદ સર્જાય જેથી ઘરની શાંતિમાં વિક્ષેપ પડે. જીવનસાથીથી વિશેષ લગાવ રહે. તેનો સાથ-સહકાર મળે. આરોગ્ય જાળવવું હિતાવહ.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

આ સપ્તાહ દરમિયાન બાધ્ય સંબંધો મજબુત બનતા અનુભવાય. નાણાંકીય રોકાણનું શુભ ફળ પ્રાપ્ત કરી શકશો. કોઈ વિશિષ્ટ મૂલ્યવાન વસ્તુની ખરીદી થાય. અગત્યના કાર્યોમાં વિલંબ બાદ સફળતા મળે. આ સમય દરમિયાન વ્યર્થ જીદ ટાળવી હિતાવહ. આરોગ્ય જાળવવું તેમજ ખાન-પાનમાં કાળજી લેવી.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

આ સપ્તાહ દરમિયાન કાર્યક્ષેત્રમાં મિક્ષ પરીણામ પ્રાપ્ત થાય તેમ છતાં અગત્યના કાર્યોમાં સફળતા મળે. જામીનગીરી જેવા કાર્યોથી દૂર રહેવું.

વાણી સંઘર્ષ ટાળવો હિતાવહ, નાણાં વ્યય થાય. જીવનસાથી તરફથી વિશેષ લાગણી પ્રાપ્ત કરી શકશો. એકંદરે આરોગ્ય સારૂં રહે.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

પ્રિયજનથી આ સપ્તાહ દરમિયાન વિશેષ લગાવ રહે. કોર્ટ-કચેરી, જમીન-વાહન સંબંધી કાર્યમાં લાભ રહે. આરોગ્ય બાબતે આ સપ્તાહ દરમિયાન સાવચેતી રાખવી હિતાવહ. કોઈ ષડયંત્રમાં ગેરસમજના ભોગ ન બની જવાય તેની સાવધાની રાખવી જરૂરી બને. નોકરી-વ્યવસાયને લગતી સમસ્યાઓ રહે, ધીરજપૂર્વક કાર્યો કરતા રહેવાથી સમસ્યાઓ દૂર થાય.

ગુજરાતમાં અગાઉ રેલવેનું ૧૩૬ કિ.મી.નું કામ થતું હતું; હવે ૭૧૦ કિ.મી.નું કામ થાય છે

# ગુજરાત માટે કેન્દ્ર સરકારે રેલવેના બજેટમાં ૮૫૮૭ કરોડની કરી ફાળવણી

## રાજ્યમાં ૮૭ રેલવે સ્ટેશન, ૮૫૬ ફ્લાય ઓવર-અંડર પાસનું કામ ચાલુ છે : રેલવે મંત્રી

ગાંધીનગર, તા.૫

કેન્દ્ર સરકાર દ્વારા બજેટમાં રેલવે અંગેની મહત્ત્વની જાહેરાત કરવામાં આવી છે. રેલવે માટે બજેટમાં બે લાખ ૫૨ હજાર કરોડની ફાળવણી કરવામાં આવી છે, જેમાં ગુજરાતમાં મોદી સરકારે રૂા.૮૫૮૭ કરોડની ફાળવણી કરી છે. બજેટ અંગે કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, જો ગુજરાતની વાત કરવામાં આવે તો અગાઉ રેલવેનું ૧૩૬ કિ.મી.નું કામ થઈ રહ્યું હતું જે હવે આજે ૭૧૦ કિ.મી.નું કામ થઈ રહ્યું છે. આ સાથે જ રાજ્યમાં ૮૭ રેલવે સ્ટેશનનું કામ ચાલી રહ્યું છે અથવા તો કામ કરવામાં આવી રહ્યું છે. તેમજ રેલવેના વિવિધ ૮૫૬ ફ્લાય ઓવર અને અંડર પાસનું કામ ચાલી રહ્યું છે. રેલવે મંત્રીએ જણાવ્યું હતું કે, દેશના સૌથી પહેલા બુલેટ ટ્રેન પ્રોજેક્ટ ઉપર પણ ફોક્સ કરવામાં આવી રહ્યું છે. જેમાં અત્યાર સુધીમાં ૨૮૦ કિ.મી.નું કામ પૂર્ણ થયું છે અને તેના ઉપર ઝડપથી કામ ચાલી રહ્યું છે. જેને ઓગસ્ટ ૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાની દિશામાં પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે. તમામ પ્રકારની અત્યાધુનિક ટેકનિકનો બુલેટ ટ્રેન માટે ઉપયોગ થઈ રહ્યો છે. આ સાથે જ બુલેટ ટ્રેન માટે જમીન સંપાદન કામ ઉપર ફોક્સ કરવામાં આવી રહ્યું છે. જેના માટે ગુજરાતમાં કામ સૌથી પહેલા પૂર્ણ થઈ ગયું હતું. જ્યારે મહારાષ્ટ્રમાં પણ શિંદે સરકાર આવ્યા બાદ જમીન સંપાદનનું કામ પૂર્ણ થયું છે અને તેના ઉપર નિર્માણનું કામ ચાલી રહ્યું છે. અત્રે નોંધનીય છે કે, છેલ્લા ૪ વર્ષમાં આર્થિક વૃદ્ધિ ઝડપી બની છે. જેના સાથે જ દેશમાં ત્રણ રેલવે કોરિડોર શરૂ કરવામાં આવશે. પેસેન્જર ટ્રેનોના સંચાલનમાં સુધારો કરવામાં આવશે. પીએમ ગતિ શક્તિ યોજના હેઠળ કામ ઝડપી કરવામાં આવશે. માલવાહક પ્રોજેક્ટ પણ વિકસાવવામાં આવશે. ૪૦ હજાર સામાન્ય રેલ કોચને વંદે ભારતમાં રૂપાંતરિત કરવામાં આવશે. એરપોર્ટની સંખ્યામાં વધારો થયો છે. એવિએશન કંપનીઓ એક હજાર એરક્રાફ્ટનો ઓર્ડર આપીને આગળ વધી રહી છે. રેલવે-દરિયાઈ માર્ગને જોડવા ઉપર પણ ભાર મૂકવામાં આવશે. ટાયર-૨ અને ટાયર-૩ શહેરોને હવાઈ માર્ગે જોડવામાં આવશે.



# ધોરણ-૩થી ૮ની દ્વિતીય કસોટી ૪ એપ્રિલથી શરૂ થશે

## રાજ્યની તમામ પ્રાથમિક સ્કૂલોએ એક સાથે પરીક્ષા શરૂ થશે; ૨૩ એપ્રિલે પૂર્ણ થશે, સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી સ્કૂલોએ સમાન સમયપત્રકના આધારે પરીક્ષા લેવાની રહેશે

અમદાવાદ, તા.૫

રાજ્યની પ્રાથમિક સ્કૂલોમાં એપ્રિલમાં લેવાનારી દ્વિતીય કસોટી (વાર્ષિક પરીક્ષા)નો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. ૪ એપ્રિલથી શરૂ થનારી આ પરીક્ષા ૨૩ એપ્રિલના રોજ પૂર્ણ થશે. સમગ્ર રાજ્યમાં સમાન સમયપત્રકના આધારે આ પરીક્ષા લેવા માટે આદેશ કરાયો છે. સરકારી અને ગ્રાન્ટેડ સ્કૂલો માટે તો રાજ્ય કક્ષાએથી પ્રશ્નપત્ર તૈયાર કરી આપવામાં આવશે. જ્યારે ખાનગી સ્કૂલો પોતાની રીતે પ્રશ્નપત્ર તૈયાર કરીને પરીક્ષા ગોઠવી શકશે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યની તમામ માધ્યમની સરકારી, ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના મૂલ્યાંકન સબબ દ્વિતીય સત્રાંત પરીક્ષા ૪ એપ્રિલથી ૨૩ એપ્રિલ દરમ્યાન યોજવામાં આવશે. સમગ્ર રાજ્યમાં એકસૂત્રતા રહે તે માટેનું સમાન સમયપત્રકનું પાલન કરવા આદેશ કરાયો છે. ધોરણ૩થી ૮ની દ્વિતીય સત્રાંત કસોટીઓ માટે ધોરણ અને વિષયવાર પરિરૂપ રાજ્ય કક્ષાએથી તૈયાર કરી તમામ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનને આપવામાં આવશે. ખાનગી પ્રાથમિક શાળાઓએ ગુજરાતી (પ્રથમભાષા), ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન અને પર્યાવરણ વિષયના કસોટીપત્રો રાજ્યકક્ષાએથી આપવામાં આવેલ માળખા મુજબ શાળાકક્ષાએ તૈયાર કરવાના રહેશે, તેમજ સમાન સમયપત્રક મુજબ પરીક્ષા યોજવાની રહેશે. બાકીના વિષયોની કસોટી ખાનગી પ્રાથમિક શાળાઓએ નિયત માળખાના આધારે શાળા કક્ષાએ યોજવાની રહેશે. સરકારી તેમજ ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓએ તમામ વિષયોના સમાન કસોટીપત્રો સમાન સમય પત્રકના આધારે અમલી કરવાના રહેશે. ગ્રાન્ટેડ શાળાઓએ કસોટીપત્રો માટે નિયત રકમ ચૂકવવાની રહેશે. ખાનગી શાળાઓ ઈચ્છે તો તમામ પ્રશ્નપત્રો મેળવીને પોતાની શાળામાં ઉપયોગ કરી શકશે. ધોરણ-૩ અને ૪ના વિદ્યાર્થીઓએ કસોટીપત્રમાં ઉત્તરો લખવાના રહેશે. જ્યારે ધોરણ-૫થી ૮ના વિદ્યાર્થીઓએ અલગ ઉત્તરવહીમાં ઉત્તરો લખવાના રહેશે. સામાજિક વિજ્ઞાન, પર્યાવરણ વિષયમાં નકશાઓ અને ગણિત વિષયમાં આલેખપત્રની જરૂરી વ્યવસ્થા જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ તેમજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિએ કસોટીપત્રોની સાથે જ કરવાની રહેશે. સત્રાંત કસોટી અંતર્ગત ઉત્તરવહીઓની ચકાસણી જે-તે શાળા કક્ષાએ જ કરાવવાની રહેશે. કસોટીના પરિણામની ઓનલાઈન ડેટાએન્ટ્રી અંગે વિગતવાર સૂચના સમગ્ર શિક્ષા મારફતે અલગથી આપવામાં આવશે. ધોરણ-૫ અને ૮માં ઈ ગ્રેડ મેળવનારા વિદ્યાર્થીઓનું બે માસના સમયગાળામાં ઉપચારાત્મક શિક્ષણ કર્યા બાદ શાળા કક્ષાએ પુર્નઃ કસોટી યોજવાની રહેશે.

ધોરણ ૯થી ૧૨ની કન્યાઓને અભ્યાસ માટે લાભ આપનારી મહત્ત્વપૂર્ણ યોજના

# શિક્ષણ ક્ષેત્રે રૂા.૧૬૫૦ કરોડની નવી બે યોજનાઓ ''નમો સરસ્વતી'' અને ''નમો લક્ષ્મી'' યોજના કરાઈ જાહેર

ગાંધીનગર, તા.૫

શિક્ષણ એ સફળતાની કુંજી છે ત્યારે આજના જમાનામાં દુનિયા સાથે હરિફાઈ કરવા માટે શિક્ષણની તાતી જરૂરિયાત છે. ત્યારે ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર નાણાપ્રધાન કનુ દેસાઈએ રજત્ કર્યું હતું. જેમાં શિક્ષણનું મહત્વ સમજતા બે મહત્વની યોજનાની જાહેરાત કરવામઆવી છે. નાણાપ્રધાન કનુ દેસાઈએ આ વખતે દીકરીઓના અભ્યાસ માટે 'નમો લક્ષ્મી યોજના' અને 'નમો સરસ્વતી યોજના'ની જાહેરાત કરી છે. આ યોજના થકી ગરીબ, મધ્યમવર્ગ અને વિદ્યાર્થિનીઓને શિક્ષણ માટે આર્થિક સહાય પૂરી પાડવામાં આવશે તો શિક્ષણક્ષેત્રે સૌથી વધુ બજેટમાં જોગવાઈ પણ કરવામાં આવી છે.

એકવીસમી સદી વિજ્ઞાન અને ટેક્નોલોજીની સદી છે. જેમાં જીવનના દરેક ક્ષેત્રમાં આઈ.ટી. અને સંલગ્ન તકનીકો મહત્વનો ભાગ ભજવવાની છે. વધુમાં ઉચ્ચ કક્ષાની નવી રોજગારીની તકામાટે વિજ્ઞાન પ્રવાહ (STEM)નું શિક્ષણ જરૂરી છે. વિજ્ઞાન પ્રવાહના અભ્યાસક્રમોમાં શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે નાણામંત્રી કનું દેસાઈએ બજેટમાં ''નમો સરસ્વતી યોજના''ની જાહેરાત કરી છે. આ યોજના અંતર્ગત ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા ગરીબ અને મધ્યમ વર્ગના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને, ધોરણ-૧૧માં ૧૦ હજાર અને ધોરણ-૧૨માં ૧૫ હજાર મળી કુલ ૨૫ હજારની સહાય આપવામાં આવશે. આ યોજનાથી આગામી પાંચ વર્ષમાં વિજ્ઞાન પ્રવાહમા વિદ્યાર્થીઓની સંખ્યા અંદાજે વાર્ષિક ૨ લાખથી વધી ૫ લાખ થવાની ધારણા છે. આ યોજના માટે આવતા વર્ષે અંદાજે ૪૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. તો વિદ્યાર્થિનીઓના પોષણ અને શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે નમો લક્ષ્મી યોજનાની જાહેરાત કરવામાં આવી છે. સરકારી, અનુદાનિત અને ખાનગી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરનાર પાત્રતા ધરાવતી અંદાજે ૧૦ લાખ વિદ્યાર્થિનીઓને ધોરણ-૯ અને ૧૦ માટે વાર્ષિક ૧૦ હજાર તેમજ ધોરણ-૧૧ અને ૧૨ માટે વાર્ષિક ૧૫ હજારનીસહાય આપવામાં આવશે. આમ આ યોજના હેઠળ ધોરણ ૧૨ સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યેથી કુલ ૫૦ હજારની સહાય મળવાપાત્ર થશે.

હાલ તો નમો લક્ષ્મી યોજનામાં વાર્ષિક ૬ લાખની આવક મર્યાદા નક્કી કરવામાં આવી છે, પરંતુ વધારે વિગત તો નોટિફિકેશન આવ્યા બાદ જ જાણી શકાશે. નમો લક્ષ્મી યોજનાથી ધોરણ-૯થી ૧૨માકન્યાઓનો પ્રવેશ વધશે, તેઓ અભ્યાસ પૂરો કરશે અને તેથી મહિલા શિક્ષણ તેમજ પોષણને ઉત્તેજન મળશે. વધુમાં, આ યોજનાના અમલીકરણથી પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રની જેમ માધ્યમિક શિક્ષણમાં પણ સાર્વત્રિક નામાંકન હાંસલ કરી શકાશે. આ યોજના માટે ૧૨૫૦ કરોડની જોગવાઈ કરાઈ છે. આ અંગે એસીએલ ગુપ્તાએ જણાવ્યું હતું કે, આ યોજનામાં આવકને મુખ્ય આધાર બનાવાશે. આ અંગે વિધિવત રીતે વિસ્તૃત પરિપત્ર બહાર પડશે. પરંતુ તેમાં હાલ રૂા.૬ લાખની આવક મર્યાદા રાખવાની વિચારણા છે.

# રાજ્યના ખેડૂતો પાસેથી તુવેર, રાયડા, ચણાની ટેકાના ભાવે ખરીદી કરાશે

## તા.૫થી ૨૯ ફેબ્રુઆરી દરમ્યાન ઓનલાઈન નોંધણી કરવાની રહેશે

ગાંધીનગર, તા.૫

રાજ્યના ખેડૂતોને તેમની ઉપજના પોષણક્ષમ ભાવ સાથે આર્થિક રક્ષણ પણ મળી રહે તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ સરકાર દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ માટે તુવેર, ચણા અને રયાડા પાકોની ટેકાના ભાવે ખરીદી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. કૃષિ મંત્રી રાઘવજી પટેલે કહ્યું હતું કે, ભારત સરકારના પ્રધાનમંત્રી અન્નદાતા આય સંરક્ષણ અભિયાન અંતર્ગત પી.એસ.એસ. હેઠળ ગુજરાતમાં તુવેર, ચણા અને રાયડા પાકની ટેકાના ભાવે ખરીદી હાથ ધરાશે. કુલ વાવેતર વિસ્તાર અને ઉત્પાદનને ધ્યાને રાખીને ખેડૂતો પાસેથી પૂરતા પ્રમાણમાં ખરીદી કરવામાં આવશે, અને આ માટે રાજ્ય સરકાર દ્વારા આગોતરૂ આયોજન પણ કરાશે. ખેડૂતોને ટેકાના ભાવે ખરીફ પાકોનું વેચાણ કરવા અનુરોધ કરતા તેમેણ ઉમેર્યું હતું કે, ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી કરવા માટે રાજ્યના તમામ જિલ્લાના ખેડૂતોએ તા. ૫ ફેબ્રુઆરીથી ૨૯ ફેબ્રુઆરી દરમ્યાન ઈ-ગ્રામ કેન્દ્રો ખાતેથી VCE મારફત ઈ-સમૃધ્ધિ પોર્ટલ ઉપર ઓનલાઇન નોંધણી કરાવવાની રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભારત સરકાર દ્વારા ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪ માટે રવિ પાકોનું વાવેતર થાય તે અગાઉ જ ટેકાના ભાવ જાહેર કરવામાં આવ્યા હતા. જે અનુસાર તુવેર માટે રૂા.૭૦૦૦ પ્રતિ ક્વિ., ચણા માટે રૂા.૫૪૪૦ પ્રતિ ક્વિ. અને રાયડા માટે રૂા.૫૬૫૦ પ્રતિ ક્વિ. જાહેર કરવામાં આવ્યો છે.

# અમેરિકા જવું હવે મોંઘું થશે, યુએસ સરકારે VISA ફીમાં વધારો કર્યો

નવી દિલ્હી, તા.૫

અમેરિકાએ વિઝા ફી વધારવા અંગે મોટો નિર્ણય લીધો છે. યુએસ સરકારે H-1B, L-1 અને EB-5 જેવા નોન-ઈમિગ્રન્ટ વિઝા માટેની ફીમાં વધારો કર્યો છે. આ તમામ કેટેગરીમાં સૌથી વધુ વિઝા ભારતીયોને આપવામાં આવે છે. વિઝા પર વધેલી ફી ૧ એપ્રિલ, ૨૦૨૪થી લાગુ થશે. H-1B વિઝા માટેની અરજી ફી ૪૬૦ ડોલરથી વધારીને ૭૮૦ ડોલર કરવામાં આવી છે. તે જ સમયે H-1B વિઝા માટે નોંધણી આગામી વર્ષે દસ ડોલરથી વધીને ૨૧૫ ડોલર થશે. L-1 વિઝા ફી ૪૬૦ ડોલરથી વધીને ૧૩૮૫ ડોલર થઈ છે. EB-5 વિઝા ફી ૩૬૭૫ ડોલરથી વધીને ૧૧૧૬૦ ડોલર થઈ છે. આ કાર્યક્રમ યુએસ સરકારે ૧૯૯૦માં શરૂ કર્યો હતો. આ અંતર્ગત એવા વિદેશી રોકાણકારોને અમેરિકામાં કાયમી નિવાસ આપવામાં આવે છે જેઓ ત્યાં ઓછામાં ઓછા પાંચ લાખ ડોલરનું રોકાણ કરે છે અને ઓછામાં ઓછા ૧૦ અમેરિકન લોકોને રોજગાર આપવામાં મદદ કરે છે. H-1B વિઝા એ નોન-ઈમિગ્રન્ટ વિઝા છે. H-1B વિઝા સામાન્ય રીતે એવા લોકોને આપવામાં આવે છે જેઓ કામ કરવા માટે અમેરિકા જાય છે. આ પછી તેને ગ્રીન કાર્ડ આપવામાં આવે છે. આ વિઝાની માન્યતા છ વર્ષની છે. H-1B વિઝા ધરાવનાર વ્યક્તિ તેના બાળકો અને પત્ની સાથે અમેરિકામાં રહી શકે છે.

# બેચલર ડિગ્રી પછી માસ્ટર ડિગ્રી ના કરવી હોય તો સ્કીલ આધારિત અને વ્યાવસાયિક કોર્સ કરીને ઉત્તમ કેરિયર બનાવી શકાય

**આજકાલ દરેક સરકારી, સેન્ટ્રલ અને ખાનગી યુનિવર્સિટીઓ તેમજ અમુક શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા ડિપ્લોમા અને પ્રમાણપત્ર અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે. તમારે એકાઉન્ટન્સી, મેનેજમેન્ટ, હોટલ મેનેજમેન્ટ, મેડિકલ, લેબોરેટરી ટેકનીશીયન, ઓટોમોબાઈલ, ઈન્ફોર્મેશન ટેકનોલોજી, સાયબર સિક્યોરિટી, ટેક્સેશન પ્રેક્ટીસ, લેબર લો, ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી, માર્કેટીંગ, ફાઈનાન્સ, બેંકીંગ, હ્યુમન રિસોર્સ મેનેજમેન્ટ, જર્નાલિઝમ, માસ કોમ્યુનિકેશન, સ્ટેનોગ્રાફી, ઓડિયો વિઝ્યુલ, ગ્રાફિક્સ ડીઝાઈનીંગ, ફોટોગ્રાફી, વીડિયો ગ્રાફી, ડિજીટલ માર્કેટીંગ, આર્ટીફીશીયલ ઈન્ટેલિજન્સ, ડેટા સાયન્સ અને ડેટા એનાલિટીક્સ, ફોરેન્સીક સાયન્સ, આર્કીટેકચર, એક્સપોર્ટ-ઈમ્પોર્ટ, સંગીત, ડ્રામા, આર્ટ, ડિઝાઈનીંગ, ભાષા, વગેરે જેવા દરેક ક્ષેત્રમાં ડિપ્લોમા અથવા પ્રમાણપત્ર એટલે કે સર્ટિફિકેટ કોર્ષીષ થાય છે. તે મુખ્યત્વે છ મહિનાથી લઈને એક વર્ષ સુધીના હોય છે.**

મિત્રો આજે આપણે એવી કરિયરની વાત કરવી છે કે તમને સ્નાતક કર્યા બાદ માસ્ટર ડિગ્રીનો અભ્યાસ ના કરવો હોય તો શું કરવું તેની સમજ આપવામાં આવશે. ઘણા બધા વિદ્યાર્થીઓ એવા હોય છે કે તેઓને અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરવો હોય નહિ, ઘણાને એડમીશન મળતું નથી જ્યારે સાનુકૂળ સંજોગો નાં હોય તેવા સમયે શું કરવું તે ખૂબ જ જરૂરી છે. ત્યારે નાસીપાસ થયા વગર અને રસ્તો ભટકી ગયા વગર આગળ શું કરી શકાય તે વિચારી લેવું જોઈએ. આજના યુગમાં સ્નાતક થતાં બાદ બે વર્ષ સુધી પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્ષ નહિ કરતા ડિપ્લોમા અને પ્રમાણપત્ર કક્ષાના અનેક પ્રકારના અભ્યાસ કરવામાં આવે છે. આવા વિકલ્પો ખુલ્લા છે અને લગભગ દરેક યુનિવર્સિટી અને શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા ડિપ્લોમા અને પ્રમાણપત્ર કક્ષાના કોર્ષ ચલાવવામાં આવે છે અને તેના કારણે નોકરીમાં ઉજળી તકો રહેલી છે. વિદ્યાર્થીઓ દ્વારા એક માટે નિર્ણય લઈ લેવાનો રહે છે કે તેમના માટે કયો કોર્ષ અનુકૂળ છે અને તેઓ શેમાં આગળ અભ્યાસ કરવા માગે છે. તો ચાલો આપણે આવા કોર્ષ વિશે વાતો કરીએ.

**● માસ્ટર ડિગ્રી કોર્સ નાં મારી શકાય તો ચિંતા ના કરવી :**

પહેલાનાં સમયમાં તો એવું હતું કે વ્યક્તિ મેટ્રિક પાસ થાય તો સરકારી કે ખાનગી નોકરી તરત મળી જતી હતી. સામેથી નોકરી આપવા માટે નોકરી દાતા બોલાવતા હતા. જેથી આટલો અભ્યાસ કરનાર પણ કારકિર્દી બનાવી શકતા હતા. પરંતુ હવે જમાનો બદલાયો છે. એક સમય એવો હતો કે સ્નાતક થાવ એ પૂરતો અભ્યાસ કરી લીધો હોય તેમ જણાય. પરંતુ આજકાલ એવો જમાનો આવ્યો છે કે તમારે પોસ્ટ ગ્રેજ્યુએટ નો કોઈને કોઈ અભ્યાસ કરવો પડે તો જ તમને સારી નોકરી મળે. એટલે એક વિદ્યાર્થી ૨૦થી ૨૨ વર્ષનો થાય ત્યારે તેને સંતોષકારક પગારની નોકરી મળે. ઘણાને તો એટલું બધું ભણ્યા પછી પણ નોકરી મળતી નથી. ત્યારે આટલું ભણ્યા પછી શું મતલબ એવો સવાલ થવો સ્વાભાવિક છે. દરેક વિદ્યાર્થી ઉપરાંત વાલીઓ અને કુટુંબીજનો એવું ઈચ્છતા હોય છે કે જલ્દીથી કમાણી શરૂ કરી શકાય અને કારકિર્દીમાં આગળ વધી શકાય. પરંતુ આટલું ભણવું જ પડે તે પણ જરૂરી હોવાનું જો મનમાં ખ્યાલ હોય તો કાઢી નાખજો. હાલમાં અનેક પ્રકારના વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો શરૂ થયા છે કે તમને ટૂંકા સમયમાં આવડત, અનુભવ અને સારી નોકરીના દ્વાર ખોલી આપે છે. તો ચાલો આજે આપણે એવા કોર્ષની વાત કરીશું કે જેમાં જેમાં તમે ડિપ્લોમા અથવા પ્રમાણપત્ર કોર્ષ કરી શકો છો. વળી આ મુખ્યત્વે પાર્ટ ટાઈમ જેવા જ હોય છે આથી તમે બીજા નોકરી કે ધંધા સાથે સમય ફાળવીને અભ્યાસ કરી શકો છો.

**● વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો સાયન્સ, કોમર્સ અને આર્ટસ ત્રણેય સ્ટ્રીમ માટે ઉપયોગી :**

જો તમારે ટૂંકાગાળાના વ્યવસાયલક્ષી કોર્ષ કરવા હોય તો તમારે સાયન્સ, આર્ટસ કે કોમર્સ કોઈ પણ સ્ટ્રીમમાં હોય તો કોઈ ચિંતા કરવાની જરૂર નથી. કારણ કે દરેક સ્ટ્રીમમાં આવા કોઈને કોઈ અભ્યાસક્રમો ચાલતા જ હોય છે. તેના કારણે તમે તમારા મનગમતી કારકિર્દી બાબતે તાલીમ મેળવી શકાછે. આવા કોર્ષ બાબતે માહિતી જે તે સંસ્થાની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ હોય છે. હવે તેના વિશે માહિતી આપતા જણાવી દઉં કે આ ટૂંકાગાળાના કોર્સ હોય તેમાં જે તે વ્યવસાય વિશે બેઝિક અથવા એડવાન્સ લેવલનું જ્ઞાન આપવામાં આવે છે. તેના કારણે જે તે કાર્ય ક્ષેત્ર બાબતે તમને સામાન્ય માહિતી ટૂંક સમયમાં મળી જાય છે. ઘણી જગ્યાએ થીયરી અને ઘણી જગ્યાએ પ્રેક્ટિકલ જ્યારે બંને પ્રકારે નોલેજ આપવામાં આવે છે. તેના કારણે એક સારી નોકરી કે વ્યવસાય શરૂ કરી શકાય તેના માટેનો મજબૂત પાયો બંધાય છે. વળી આ પ્રકારના કોર્સમાં અભ્યાસનો સમય ગાળો દિવસ દરમ્યાન ફ્લેક્સિબલ હોય છે આથી જો તમે નાની મોટી નોકરી કે ધંધો કરતા હોવ તો પણ અનુકૂળ સમયે અભ્યાસ કરવા માટે જઈ શકો છે. આ ઉપરાંત અહીં પરીક્ષામાં ઊંચા ગુણ આપવા કરતાં આવડત ઉપર અને અભ્યાસમાં કેટલું ધ્યાન આપો છો તેના ઉપર વધુ ધ્યાન આપવામાં આવે છે. વળી મુખ્યત્વે દરેક સંસ્થા દ્વારા જે તે ક્ષેત્રના અનુભવી અને નિષણાતોને વિદ્યાર્થીઓ માટે લેક્ચર લેવા માટે બોલાવવામાં આવતા હોય છે આથી તેઓને જે તે બાબતોની સાચી અને સચોટ સમજ મળી રહે. વળી વર્તમાન સમયમાં ચાલી રહેલી સેવા, ટેકનોલોજી અને ટ્રેન્ડ બાબતે વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવે છે. આથી તેઓને એક ઉત્તમ અનુભવનું ભાથું મળી રહે છે. આ ઉપરાંત સૌથી મહત્વની બાબત એ છે કે પ્રમાણમાં ફીનું ધોરણ પણ ઓછું હોય છે. એટલે કોચિંગ ક્લાસમાં જઈને પૈસા ખર્ચ કરવાની જરૂર પડતી નથી. આવી સંસ્થાઓ દ્વારા પ્લેસમેન્ટ માટે પણ મદદ કરવામાં આવતી હોય છે. જે તે નોકરીદાતા પણ સંસ્થાઓમાં નોકરીનો જરૂરિયાતો અંગેની માહિતી નોટિસ બોર્ડ ઉપર મૂકવતા હોય છે તેના કારણે વિદ્યાર્થીઓ ડાયરેક્ટ કોન્ટેક કરીને નોકરી મેળવી શકે છે. આવા કોર્ષની સૌથી મહત્વની બાબતની વાત કરૂં તો ઓછા સમય અને ખર્ચમાં સારી ગુણવત્તાનો અભ્યાસ કરી શકો છો. ત્યારબાદ પ્રમાણસર પગારની નોકરી મળી શકે છે અને ત્યારબાદ તમે અનુભવ અને આવડતના જોરે તમારો વિકાસ કરી શકો છો. હવે એક મહત્વની વાત કરવી છે કે કોણ આ પ્રકારના કોર્ષ કરી શકે. તો જણાવી દઉં કે જેમણે સ્નાતક કક્ષાના અભ્યાસ કર્યા બાદ તાત્કાલિક અને ટૂંક સમયમાં કારકિર્દી બનાવવી છે, માસ્ટર ડિગ્રી કોર્સ કરવાની સમય કે ખર્ચની અનુકૂળતા નાં હોય તેમજ કોઈ એક પ્રકારનાં વ્યવસાયનો અનુભવ લેવા માંગતા હોવ તેમણે આ કોર્ષ કરવા જોઈએ. ઘણા વિદ્યાર્થીઓ એવા હોય છે કે તેઓ ઓલરેડી કોઈ ધંધો કે વ્યવસાય કરતા હોય તો પોતાના જ્ઞાનમાં વધારો કરવા કે કોઈ સર્ટીફીકેટ નાં આધારે વધુ આગળ આવવા માગે આવા અભ્યાસ કરી શકે છે. કેટલાક સરકારી કામો માટે પણ આવા પ્રમાણપત્રો ઘણી વખત કામ આવે છે. તો આવા સર્વ પ્રકારે કામ કરવા માટે કોર્ષ કરવા જરૂરી છે.

**● તો આવા કયા કયા કોર્ષીષ થાય છે અને ક્યાં થાય છે ? :**

જો તમારે આવા કોર્ષ કરવા હોય તો અલગ-અલગ અનેક જગ્યાઓ છે. બસ માત્ર તમારે નિર્ણય લેવાનો રહે છે કે કયો કોર્ષ કરવો છે. આજકાલ દરેક સરકારી, સેન્ટ્રલ અને ખાનગી યુનિવર્સિટીઓ તેમજ અમુક શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા આ પ્રકારે ડિપ્લોમા અને પ્રમાણપત્ર અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે. તમારે એકાઉન્ટન્સી, મેનેજમેન્ટ, હોટલ મેનેજમેન્ટ, મેડિકલ, લેબોરેટરી ટેકનીશીયન, ઓટોમોબાઈલ, ઈન્ફોર્મેશન ટેકનોલોજી, સાયબર સિક્યોરિટી, ટેકસેશન પ્રેક્ટીસ, લેબર લો, ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી, માર્કેટીંગ, ફાઈનાન્સ, બેંકીંગ, હ્યુમન રીસોર્સ મેનેજમેન્ટ, જર્નાલિઝમ, માસ કોમ્યુનિકેશન, સ્ટેનોગ્રાફી, ઓડિયો વિઝ્યુલ, ગ્રાફિક્સ ડીઝાઈનીંગ, ફોટોગ્રાફી, વીડિયો ગ્રાફી, ડિજીટલ માર્કેટીંગ, આર્ટીફીશીયલ ઈન્ટેલિજન્સ, ડેટા સાયન્સ અને ડેટા એનાલિટીક્સ, ફોરેન્સીક સાયન્સ, આર્કીટેચર, એક્સપોર્ટ-ઈમ્પોર્ટ, સંગીત, ડ્રામા, આર્ટ, ડિઝાઈનીંગ, ભાષા, યોગા વગેરે જેવા દરેક ક્ષેત્રમાં ડિપ્લોમા અથવા પ્રમાણપત્ર એટલે કે સર્ફિટીકેટ કોર્ષીષ થાય છે. તે મુખ્યત્વે છ મહિનાથી લઈને એક વર્ષ સુધીના હોય છે. પ્રોજેક્ટ વર્ક પણ આપવામાં આવે છે. આથી તમને કેટલું આવડ્યું તેની માહિતી મળી રહે છે. આવા કોર્ષની જો અમદાવાદમાં વાત કરૂં તો ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન, ભવન્સ કોલેજ કેમ્પસ- ખાનપુર વગેરે જગ્યાએ કોર્ષ થાય છે. આ ઉપરાંત ખાનગી યુનિવર્સિટીઓ અને રાષ્ટ્રીય કક્ષાની યુનિવર્સિટીઓ જેવી કે નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાઈન, સેપ્ટ યુનિવર્સિટી વગેરે જગ્યાએ સમયાંતરે આવા કોર્ષ લોંચ થતા હોય તો તેનું ધ્યાન રાખવાનું રહે. ખાનગી યુનિવર્સિટીઓ પણ આવા કોર્ષીષ ચલાવતી હોય છે. જો તમે અમદાવાદમાં નથી રહેતા તો તમારા શહેર કે નજીકમાં આવેલી યુનિવર્સિટીઓ ખાતે તપાસ કરી શકાય. ખાનગી સંસ્થાઓ અખબારોમાં જાહેરાતો આપતી હોય છે તો તેના ઉપર નજર રાખવી. આવી સંસ્થાઓનું ભણતર કેવું છે તે અને ભણતર બાદ કારકિર્દી કેવી બની રહે છે તેની ચકાસણી કરીને પ્રવેશ લઈ શકાય.

# કોડીનારના બરડા ગામની સીમમાં દેશી દારૂની ભઠ્ઠી ઉપર સ્ટેટ મોનીટરીંગ સેલનો દરોડો

## સ્થાનિક પોલીસને ઊંઘમાં રાખી સ્ટેટ મોનીટરીંગ સેલે દરોડો પાડી ૩૯૦ લીટર દેશી દારૂ પકડી ક્વોલિટી કેસ કર્યો : બે આરોપી ફરાર





(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૫

કોડીનારના પોલીસ સ્ટેશન વિસ્તારમાં બરડા ગામે સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા મોડી રાત્રીનાં સમયે દારૂના અડ્ડા ઉપર દરોડા પડ્યા હતા. જેમાં દેશી દારૂ તેમજ દારૂ બનાવવાનો માલસામાન મળી આવતા પોલીસે તમામ મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે. સ્થાનિક પોલીસને ઊંઘતી રાખી સ્ટેટ મોનીટરીંગ સેલના પીએસઆઈ શર્માની ટીમે કોડીનાર તાલુકાના બરડા ગામની સીમ વિસ્તારમાં ચાલતી દેશી દારૂની ભઠ્ઠી ઉપર મોડી રાત્રે દરોડો પાડી દેશી દારૂનો જથ્થો ઝડપી લીધો હતો. જેમાં દેશી દારૂના ૩૯૦ લિટર ભરેલા કેન રૂા.૭૮૦૦ કિંમત તેમજ દેશી દારૂ બનાવવાનો આથો કિંમત રૂા.૪૦૦૦, છકડો રીક્ષા રૂા.૩૦૦૦૦ વાહન સહિત કુલ મળી રૂા.૫૨,૬૦૦નો પ્રોહી મુદ્દામાલ કબ્જે કર્યો. આ દારૂનું વેચાણ કરતો ફરાર મુખ્ય આરોપી ભીખા બાલુ વંશ સહિત ૨ શખ્સો વિરૂધ્ધ ગુનો દાખલ કરી આગળ વધું કાર્યવાહી હાથ ધરેલ છે.

દારૂના અડ્ડા ઉપરથી દેશી દારૂ ભરેલા પ્લાસ્ટિકના કેન, ગેસનો બાટલો, રોક્ષા સહીત માલસામાન પકડી પાડયો હતો. જોકે સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમને બાતમી આધારે સ્થળ ઉપર રેઈડ કરતા દારૂનું વેચાણ કરતો મુખ્ય આરોપી નાશી છૂટ્યો હોય પોલીસે કુલ બે શખ્સો વિરૂધ્ધ ફરીયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

# કોડીનારના પેઢવાડામાં રગતિયા દાદા મંદિર ખાતે કોંગ્રેસ દ્વારા મહાકિશાન સંમેલન યોજાયું

## નવી રેલવે લાઈન, ગેસ લાઈન અને ખેડૂતોને કનડગત કરતા પ્રશ્ન મુદ્દે ચર્ચા કરાઈ





(મુગલ અલ્તાફ દ્વારા)


કોડીનાર તા. ૫

લોકસભા ૨૦૨૪ ની જેમ જેમ ચૂંટણી નજીક આવી રહી છે તેમ તેમ અલગ અલગ પાર્ટીઓ હવે મતદાતાઓને આકર્ષવા પ્રયાસ કરી રહી છે. ત્યારે કોંગ્રેસ પાર્ટી દ્વારા ખેડૂતોના વિવિધ મુદ્દાઓને લઈ મહા કિશાન સંમેલનનું આયોજન કોડીનારના પેઢવાડા રગતિયાં દાદા મંદિર ખાતે રાખવામાં આવ્યું હતું. જેમાં કોંગ્રેસના પાલભાઈ આંબલીયા, પ્રગતિબેન આહીર અને સ્થાનિક નેતા માનસિંહભાઈ ડોડીયા ઉપસ્થિત રહ્યા હતા. પ્રગતિબેન આહિરે કોડીનારની બંધ શુગર મિલ અને નેશનલ હાઈવે પરના ઓવરબ્રિજનો મુદ્દો ઉઠાવી સરકાર પર પ્રહારો કર્યા હતા. બીજી તરફ પાલભાઈ આંબલીયાએ અહી પસાર થતી રેલવે લાઈન, જમીન માપણીનો મુદ્દો, ગેસ પાઈપલાઈન, વીજ વિભાગના પ્રશ્નો ગ્રામ્ય પંથકમાં કેનાલોનાં પ્રશ્નોને લઈ આગામી દિવસોમાં ખેડૂતોને સાથે રાખી કઈ રીતે લડાઈ લડવી તે મુદ્દે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

સ્થાનિક નેતા માનસિંહ ડોડીયાએ બંધ શુગર મિલનો પ્રશ્ન ઉઠાવ્યો તેમને આરોપ લગાવ્યો છે કે જ્યારે જ્યારે ચૂંટણી આવે છે ત્યારે ત્યારે ભાજપને બંધ શુગર મિલ શરૂ કરવાનું યાદ આવે છે. ચૂંટણી સમયે લોકોને લોલીપોપ આપવામાં આવે છે. અમારી એટલી જ માંગ છે કે કોઈપણ કાળે શુગર મિલ શરૂ કરવામાં આવે. માનસિંહ ડોડીયા કોંગ્રેસ પ્રદેશના નેતા છે જે ગત વિધાનસભામાં તાલાળા બેઠક પર ચૂંટણી લડ્યા અને ભગવાન બારડ સામે હાર્યા છે. લોકસભા ચૂંટણી પહેલા કોંગ્રેસ બેઠી થવાના પ્રયાસ કરી રહી છે જેને લઈ કોંગ્રેસ દ્વારા ખેડૂતોના મુદ્દા ઉઠાવવાની શરૂઆત કરવામાં આવી છે. જેના ભાગરૂપે કોડીનારના પેઢાવાળા ખાતે બેઠકનું આયોજન કરાયું હતું.

# APSEZના કાર્ગો વોલ્યુમમાં જાન્યુઆરી'૨૪માં ૨૬%નો વિક્રમી ઉછાળો

## અદાણી પોર્ટ્સના દરિયાઈ વેપાર ઉદ્યોગ ક્ષેત્રેસતત નવા બેન્ચમાર્ક



(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૫

અદાણી પોર્ટ્સ અને સ્પેશિયલઈકોનોમિક ઝોન (APSEZ) વિશાળ જથ્થાના કાર્ગોને હેન્ડલ કરવામાંઅને દરિયાઈ વેપાર ઉદ્યોગ માટે નવા બેન્ચમાર્ક સેટ કરવામાં અગ્રેસર છે. જાન્યુઆરી-૨૦૨૪ માં છઁજીઈઢનાકાર્ગો વોલ્યુમમાં૩૫.૧ મિલિયન મેટ્રિક ટનની(સ્સ્) રેકોર્ડ સપાટીએ પહોંચ્યું છે.ઉત્કૃષ્ટ કામગીરીને પગલે છઁજીઈઢના કાર્ગો વોલ્યુમહેન્ડલ કરવામાં૨૬%નો ઉછાળો આવ્યો છે.

APSEZના જણાવ્યાપ્રમાણે કાર્ગો વોલ્યુમમાંમુખ્યત્વે ડ્રાય કાર્ગોમાં ૪૬% રૂરૂ અને કન્ટેનર વોલ્યુમ ૧૩% YoY કાર્ગોમાં ઉછાળો નોંધાયો હતો.FY24ના પ્રારંભિક દસ મહિનામાં (એપ્રિલ૨૦૨૩ – જાન્યુઆરી૨૦૨૪) દરમિયાન APSEZ એ કુલ કાર્ગોના ૩૪૬.૩ MMT હેન્ડલ કર્યા હતા, જ્યારે FY23ના૧૨ મહિનામાં અંદાજે ૩૩૯ MMT કાર્ગો હેન્ડલ કર્યા હતા. દરમિયાન કંપનીના ગંગાવરમ પોર્ટેઓલટાઈમ હાઈ માસિક કાર્ગો વોલ્યુમ ૪ MMT હેન્ડલ કર્યુ હતું. APSEZ વિશાળ જથ્થાના કાર્ગોને હેન્ડલ કરવામાં અને દરિયાઈ વેપાર ઉદ્યોગ માટે નવા બેન્ચમાર્ક સેટ કરવામાં કુશળતા દર્શાવતું આવ્યું છે. APSEZ એ લગભગ ૪૮,૯૦૦ twenty equivalent units (TEUs)ના રેલ વોલ્યુમ્સ સાથે યર-ટુ-ડેટ લોજિસ્ટિક્સ વોલ્યુમમાં રેકોર્ડવૃદ્ધિ થતાવાર્ષિક ૨૦%વૃદ્ધિ નોંધાવી હતી, જેમાં૧૬ MMT ના જનરલ પર્પઝ વેગન ઈન્વેસ્ટમેન્ટ સ્કીમ (GPWIS) વોલ્યુમો ૪૨%વધુ હતા. જાન્યુઆરી ૨૦૨૪ માં, GPWIS વોલ્યુમો લગભગ ૧.૯ MMT ના રેકોર્ડ ઉચ્ચ સ્તરે રહ્યાહતા.

ભારતમાં સૌથી મોટી સંકલિત પરિવહન યુટિલિટી APSEZ દરિયાઈ અને લોજિસ્ટિક્સ ક્ષેત્રમાં અત્યંત મહત્ત્વની ભૂમિકા ભજવે છે.વિશાળ જથ્થામાં કાર્ગો હેન્ડલીંગમાટે જાણીતા મુન્દ્રા સ્થિત અદાણી પોર્ટ એન્ડ SEZએ ૨૧ જાન્યુઆરીના રોજ એક જહાજ પર ૧૬,૫૯૬ કન્ટેનરનું સંચાલન કરીને નોંધપાત્ર સિદ્ધિ હાંસિલ કરી છે.આ સિદ્ધિ પ્રીમિયર પોર્ટ ફેસિલિટેટર તરીકે અદાણી પોર્ટસને વધુ મજબૂત બનાવે છે.

APSEZ એ ભારતના વેપાર અને આર્થિક વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપી રહ્યું છે, ૨૦૨૫ સુધીમાં કાર્બન ન્યૂટ્રલ બનાવવાના વિઝન સાથે, APSEZ એ વિજ્ઞાન-આધારિત લક્ષ્યાંક પહેલ (SBTi) માટે સાઈન અપ કરનાર પ્રથમ ભારતીય અને વિશ્વનું ત્રીજું બંદર બન્યું, જે ગ્લોબલ વોર્મિંગને 1.5 °C ઉપર નિયંત્રણ કરવા માટે ઉત્સર્જન ઘટાડવાના લક્ષ્યો માટે પ્રતિબદ્ધ છે.

# ખંભાળિયાની ગૌરવવંતી જી.વી.જે. હાઈસ્કુલની મુલાકાત લેતા ગુજરાત હાઈકોર્ટના પૂર્વ જજ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૫

ખંભાળિયાની આશરે પોણી સદી જૂની અને આદરભર્યું સ્થાન ધરાવતી સરકારી જી.વી.જે. હાઈસ્કૂલની ખાસ મુલાકાત ઝારખંડ તથા ગુજરાત હાઈકોર્ટના પૂર્વ જજ પ્રદીપભાઈ ભટ્ટએ લીધી હતી.

પુર્વ જજ શ્રી ભટ્ટ દ્વારા જીવીજે હાઈસ્કૂલના ચાલી રહેલા રીનોવેશન કામનું નિરીક્ષણ કરી, જીવીજે હાઈસ્કૂલ સાથે પુરાતન હિતરક્ષક સમિતિના સભ્યો સાથે મુલાકાત પણ કરી હતી. આ મુલાકાત દરમિયાન હિતરક્ષક સમિતિના મંત્રી ડો. વશરામભાઈ નકુમ, ઉપપ્રમુખ ધીરેનભાઈ બદીયાણી, ડો. નિલેશભાઈ રાયઠઠા તેમજ મનુભાઈ પાબારી, સાથે તેમણે જી.વી.જે. હાઈસ્કૂલના દરેક વિભાગની મુલાકાત લઈને રીનોવેશન કામગીરી અંગે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. સાથે સાથે ચાલતી કામગીરીને વેગ આપવા માટે જણાવ્યું હતું.

હાઈસ્કૂલના જુના સંસ્મરણો વાગોળી, આ હાઈસ્કૂલના બિલ્ડીંગને ટકાવી રાખવા ઝુંબેશ ઉપાડવા બદલ સમિતિના સભ્યોને તેમણે અભિનંદન પાઠવ્યા હતા. આ મુલાકાતમાં તેમની સાથે ગુજરાત હાઈકોર્ટના સિનિયર એડવોકેટ જયંતભાઈ ભટ્ટ, જીવીજે હાઈસ્કૂલના પૂર્વ આચાર્ય આલાભાઈ ડેર તેમજ સ્ટાફના સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા. હાઈસ્કૂલના રીનોવેશન કામને વેગ આપી, શક્ય તેટલું વહેલાસર તૈયાર કરી તેના ઉદ્‌ઘાટન સમારંભમાં હાઈસ્કૂલના દરેક ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને પણ નિમંત્રણ આપીને એક યાદગાર કાર્યક્રમનું આયોજન કરવા માટે પણ પ્રદીપભાઈ ભટ્ટે વિસ્તૃત માર્ગદર્શન આપીને ચર્ચા વિચારણાઓ કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજાશાહીના વખતની આ શાળામાં કે જે અગાઉ એક વિદ્યાપીઠ સમાન બની રહી હતી, તેમાં ભણીને અનેક વ્યક્તિવિશેષ ઉચ્ચ હોદ્દા પર સ્થાયી થયા હતા અને તેઓએ શાળા સાથે સમગ્ર પંથકનું નામ પણ રોશન કર્યું હતું.

# ગુજરાતમાં રેલવે પ્રોજેક્ટ્સ માટેની વાર્ષિક બજેટ ફાળવણી ૧૦ વર્ષમાં ૧૪ ગણી વધીને રૂા. ૮,૩૩૨ કરોડ થઈ

## સરેરાશ કાર્યાન્વિત લંબાઈ ૧.૪ ગણી વધીને ૧૮૬ કિમી, વર્ષના આંકે પહોંચી

(પ્રતિનિધિ દ્વારા)

નવી દિલ્હી, તા.૫

ગુજરાતમાં છેલ્લા ૧૦ વર્ષ દરમ્યાન રેલવે પ્રોજેક્ટને ફંડની ફાળવણી તેમજ પ્રોજેક્ટ્સ કાર્યાન્વિત થવામાં નોંધપાત્ર વૃદ્ધિ નોંધાઈ છે. આંશિક/સંપૂર્ણપણે ગુજરાતમાંઆવતા પ્રોજેક્ટ્સ માટે ભારતીય રેલવેની બજેટ ફાળવણી વર્ષ ૨૦૦૯-૧૪ના સમયગાળામાં રૂા.૫૮૯ કરોડ પ્રતિ વર્ષ હતી, જે વર્ષ ૨૦૨૩-૨૪માં ૧૪ ગણી કરતા પણ વધીને રૂા.૮,૩૩૨ કરોડ થઈ છે. ગુજરાત માટે કાર્યાન્વિત થનારા પ્રોજેક્ટ્સની સરેરાશ લંબાઈનો આંક પણ ૧.૪૧ ગણો વધીને ૨૦૧૪-૨૩ દરમિયાન ૧૮૬ કિ.મી. પ્રતિ વર્ષ થયો છે, જે અગાઉ ૨૦૦૯-૧૪ના ગાળામાં ૧૩૨ કિ.મી. પ્રતિ વર્ષ હતો. રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણીએ ગુજરાતમાં રેલવેના પડતર તેમજ પ્રવર્તમાન પ્રોજેક્ટ્સ અંગે કરેલા પ્રશ્નના જવાબમાં કેન્દ્રીય રેલવે, સંદેશાવ્યવહાર અને ઈલેક્ટ્રોનિક્સ તથા આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે ૨ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ આ માહિતી પૂરી પાડી હતી.

મંત્રીના નિવેદન અનુસાર, ૦૧ એપ્રિલ, ૨૦૨૩ના રોજ આંશિક, સંપૂર્ણપણે ગુજરાત રાજ્યમાં આવતા રૂા.૩૦,૭૮૯ કરોડનો ખર્ચ ધરાવતા ૩,૨૦૦ કિ.મી. કુલ લંબાઈ ધરાવતા ૩૬



રેલવે માળખાગત પ્રોજેક્ટ્સ (૬ નવી લાઈન, ૧૮ ગેજ રૂપાંતરણ અને ૧૨ ડબલિંગ સહિત) આયોજન, મંજૂરી, નિર્માણના તબક્કે છે, જેમાંથી ૭૩૫ કિમી લંબાઈના પ્રોજેક્ટ્સ માર્ચ ૨૦૨૩ સુધીમાં રૂા.૬,૧૧૩ કરોડના ખર્ચે કાર્યાન્વિત કરી દેવાયા છે. આંશિક, સંપૂર્ણપણે ગુજરાતમાંઆવતા ૧,૬૭૭ કિ.મી. સુધીની કુલ લંબાઈના રેલવે પ્રોજેક્ટ્સ ૨૦૧૪-૨૩ના ગાળા દરમિયાન કાર્યાન્વિત કરી દેવાયા છે, જ્યારે આ આંક ૨૦૦૯-૧૪ના સમયગાળામાં ૬૬૦ કિ.મી.નો હતો. વર્ષ ૨૦૧૪ પછીથી, ભારતીય રેલવેમાં પ્રોજેક્ટ્સ માટે ફંડની ફાળવણી તેમજ કાર્યાન્વિત થવાના આંકમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે. પરીમલ નથવાણી ગુજરાત રાજ્યમાં હાલ ચાલી રહેલા તેમજ પડતર રેલવે પ્રોજેક્ટ્સ ઉપરાંત તેની પાછળના અંદાજિત ખર્ચ, પૂર્ણ થવાના સમયગાળા, તેની પાછળના ખર્ચ અને આ પ્રોજેક્ટ્સ ક્યારે પરિપૂર્ણ થવાની સંભાવના છે તે વિશેની વિગતો જાણવા માગતા હતા.

## બાપ રે બાપ! પતિ પાસે કરાવી સફાઈ

# ૬ કલાક કામ કરીને પત્નીને મોકલી દીધું ૭૪૦૦૦ બિલ

નવી દિલ્હી, તા.૫

એક વ્યક્તિએ સતત ૬ કલાક સુધી પોતાના ઘરની સફાઈ કર્યા બાદ તેની પોતાની પત્નીને આ કામ માટે ૭૪ હજાર રૂપિયાનું બિલ મોકલ્યું હતું. આ વ્યક્તિએ આ બિલ સોશિયલ મીડિયા પર પણ શેર કર્યુ હતુ અને કહ્યું હતુ કે તેના એક ગ્રાહકે કામ માટે બિલ ચૂકવવાની ના પાડી દીધી છે. 'ડેઈલી ટેલિગ્રાફ'ના અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે એક વ્યક્તિએ તેની પત્નીને ૭૦૦ પાઉન્ડ (લગભગ ૭૩,૯૫૫ રૂપિયા)નું બિલ મોકલ્યું હતું. માર્ક હેચ નામના આ વ્યક્તિનો ક્લીન મી કાર્પેટ એન્ડ અપહોલ્સ્ટરી ક્લીનિંગ નામનો સફાઈનો વ્યવસાય છે. જ્યારે માર્ક હેચને તેની પત્ની દ્વારા પોતાનું ઘર સાફ કરવાનું કામ સોંપવામાં આવ્યું ત્યારે તેણે કામ પૂરું થયા પછી તેની પત્ની જાસ્મિનને બિલ મોકલ્યું હતું. આ બિલ કંપનીના ફેસબુક પેજ પર શેર કરવામાં આવ્યું હતું. બિલ શેર કરતી વખતે, માર્ક હેચે કેપ્શનમાં લખ્યું, 'ગયા અઠવાડિયે અમારી પાસે ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ ઘટના બની જ્યારે એક ગ્રાહકે ચૂકવણી કરવાનો ઈનકાર કર્યો! એક મોટો કોર્નર સોફા, ત્રણ બેડરૂમના કાર્પેટ અને એક ફ્લોર સાફ કર્યા પછી, ગ્રાહકે અમને કહ્યું કે તે આ કામથી એકદમ ખુશ છે.!

આ પછી હેચે તેની પત્નીને એક મેસેજમાં લખ્યું હતુ કે, 'હાય જાસ્મિન, કૃપા કરીને આવતીકાલની સફાઈ પછી તમારા પેમેન્ટની લિંક પર ક્લિક કરો અને તમારી પસંદગીની ચુકવણી પદ્ધતિ પસંદ કરો. પાછળથી જાણવા મળ્યું કે આ એક મજાક છે અને માર્ક હેચને તેની પત્ની સાથે આવી મજાક કરવી ગમે છે.

માર્ક હેચની પત્નીએ જવાબ આપ્યો, ધીરજ રાખો, અમે પરિણીત છીએ અને ત્રણ બાળકો છે. આ ફેસબુક પોસ્ટ પર ઘણા યુઝર્સની જાતજાતની કોમેન્ટસજોવા મળી હતી, જે આ સમગ્ર વાર્તાલાપ વાંચીને હસ્યા હતા. એક યુઝરે લખ્યું હતુ કે, 'હું સમજી શક્યો નહીં કે આખો મામલો શું છે જ્યાં સુધી મેં વાંચ્યું કે બિલ ન ચૂકવનાર વ્યક્તિની 'પત્ની' હતી.' આ ફેસબુક પોસ્ટ પર ઘણા યુઝર્સની જાતજાતની કોમેન્ટસજોવા મળી હતી, જે આ સમગ્ર વાર્તાલાપ વાંચીને હસ્યા હતા અન્ય યુઝરે લખ્યું કે 'આ ખૂબ જ રમુજી છે. માર્ક હેચે પાછળથી કહ્યું કે તેને આખા ઘરને સાફ કરવામાં અડધો દિવસ લાગ્યો અને તેણે કબૂલાત કરી કે આ પ્રકારના જોક્સ તેના ઘરમાં સામાન્ય છે. "ક્યારેક તે આ રીતે પ્રતિક્રિયા આપે છે, ક્યારેક તે હસી કાઢે છે, ક્યારેક તે નારાજ પણ થાય છે. પરંતુ તે હંમેશા હળવી મજાક જ હોય છે," તેણે કહ્યું હતું કે, આપણે જે વસ્તુઓ માટે ચૂકવણી કરવી જોઈએ તે વિશે અમારી પાસે ચાલી રહેલી મજાક છે.

# ફ્રાન્સમાં ભારતીય દૂતાવાસ દ્વારા કાર્યક્રમમાં NPCIની જાહેરાત, ફ્રાન્સમાં UPI સેવા શરૂ

## એફિલ ટાવરની મુલાકાત લેતા ભારતીય પ્રવાસીઓ હવે UPIથી ઓનલાઈન ટિકિટ મેળવી શકશે : NPCI

નવી દિલ્હી તા.૫

પ્રજાસત્તાક દિવસની ઉજવણી દરમિયાન ફ્રાન્સમાં આઈકોનિક એફિલ ટાવર ખાતે યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI) સેવાનું સત્તાવાર રીતે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે. ફ્રાન્સમાં ભારતીય મિશને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર આ માહિતી શેર કરી છે અને લખ્યું છે કે આ પહેલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના UPIને વૈશ્વિક સ્તરે લઈ જવાના વિઝન તરફ એક પગલું છે. આ સાથે હવે પેરિસમાં એફિલ ટાવર જોવા આવતા પ્રવાસીઓ ભારતના UPI દ્વારા સરળતાથી તેમની ટિકિટ બુક કરી શકશે. નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાની આંતરરાષ્ટ્રીય પેટાકંપની NPCI ઈન્ટરનેશનલ પેમેન્ટ્સ (NIPL), એ પેરિસમાં એફિલ ટાવરથી શરૂ કરીને ફ્રાન્સમાં UPI ચૂકવણીની સ્વીકૃતિને સક્ષમ કરવા માટે



ફ્રેન્ચ ઈ-કોમર્સ અને પેમેન્ટ પ્લેટફોર્મ ન્અટ્ટિ સાથે ભાગીદારી કરી છે. ભારતના પ્રજાસત્તાક દિવસની ઉજવણી નિમિત્તે ફ્રાન્સમાં ભારતીય દૂતાવાસ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં NPCIએ જાહેરાત કરી કે એફિલ ટાવરની મુલાકાત લેતા ભારતીય પ્રવાસીઓ હવ UPI પેમેન્ટ સિસ્ટમનો ઉપયોગ કરીને ઓનલાઈન ટિકિટ મેળવી શકશે. આ પહેલ ટ્રાન્ઝેક્શન પ્રક્રિયાને સરળ બનાવવા માટે બનાવવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે ૭૫મા ગણતંત્ર દિવસની ઉજવણી દરમિયાન ફ્રાંસના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન મુખ્ય અતિથિ હતા અને જયપુરમાં પીએમ નરેન્દ્ર મોદીએ તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે પીએમ મોદીએ પેમેન્ટ માટે યુપીઆઈનો ઉપયોગ કરીને ફ્રાન્સના રાષ્ટ્રપતિને પ્રભાવિત કર્યા હતા. પીએમએ તેમના ઈન્સ્ટાગ્રામ પર આ અંગે એક પોસ્ટ પણ શેર કરી હતી. કેપ્શનમાં તેણે લખ્યું હતું કે, મારા મિત્ર રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન સાથે ચા. શેર કરવામાં આવેલ વીડિયોમાં પીએમ મોદી રાષ્ટ્રપતિ મેક્રોનને માટીની કુલડીમાં ચા પીવાના ફાયદાઓ વિશે સમજાવતા જોવા મળે છે.

# ગત બુધવારે જૂનાગઢમાં વાંધાજનક વિધાનો કરનાર મુફ્તી સલમાન અઝહરીની એટીએસએ મુંબઈમાં ધરપકડ કરી : જૂનાગઢ કોર્ટમાં રજુ કરાશે



જૂનાગઢ, તા. ૫

જૂનાગઢમાં વ્યસન મુકિત જાગૃતિ ફેલાવવા મુસ્લિમ સમાજની યોજાયેલી જાહેર સભામાં મુંબઈથી આવેલા મુફતી સલમાન અઝહરીએ ઉશ્કેરણીજનક ભાષણ આપતા તેનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થતા જૂનાગઢ બી ડીવીઝન પોલીસે આયોજકો સહિત ત્રણ સામે ગુનો નોંધાયો હતો. બીજી તરફ ભાષણ આપી જતા રહેલા મૌલાના મુફતી સલમાન અઝહરીને મુંબઈ નજીક ઘાટકોપર વિસ્તારમાંથી ગત રાત્રે ધરપકડ કરી છે.

ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્કવોડ (એટીએસ) એ મુસ્લિમ ધર્મગુરૂ મુફ્તી સલમાન અઝહરીને કસ્ટડીમાં લીધા છે. તેમની સામે આ કાર્યવાહી હેટ સ્પીચ ફેલાવવા મામલે કરવામાં આવી છે. અહેવાલો અનુસાર ગતરાત્રે તેમને મુંબઈના ઘાટકોપર વિસ્તારમાંથી ધરપકડ કરવામાં આવી હતી.

તેમની વિરૂધ્ધ કલમ ૧૫૩અ, ૫૦૫, ૧૮૮ અને ૧૧૪ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. મુફ્તીને કસ્ટડીમાં લીધા બાદ પોલીસ સ્ટેશનની બહાર સેંકડો લોકો એકઠા થયા હતા. કહેવામાં આવી રહ્યું છે કે એટીએસ મૌલાના સાથે ગમે ત્યારે મુંબઈ છોડી શકે છે.

મુફતી સલમાન અઝહરીએ ગત બુધવારે જૂનાગઢમાં આયોજિત એક કાર્યક્રમમાં વાંધાજનક વિધાનો કર્યા હતા. તેમના ભાષણનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. આ પછી, મુફ્તી સલમાન અઝહરી અને કાર્યક્રમના સ્થાનિક આયોજકો મોહમ્મદ યુસુફ મલિક અને અઝીમ હબીબ ઓડેદરા સામે એફઆઈઆર નોંધવામાં આવી હતી. મુફ્તી અઝહરીએ ધર્મ વિશે વાત કરવા અને વ્યસન મુક્તિ અંગે જાગૃતિ ફેલાવાશે તેમ કહીને પોલીસ પાસેથી કાર્યક્રમનું આયોજન કરવાની પરવાનગી લીધી હતી. પોલીસે કહ્યું કે, મુફ્તીએ વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું. હવે ગુજરાત એટીએસએ મુફ્તી સલમાન અઝહરીને મુંબઈથી કસ્ટડીમાં લીધા છે.

પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાએ જણાવ્યું હતું કે, મુફ્તીએ ગત બુધવારની રાત્રે જૂનાગઢમાં 'બી' ડિવિઝન પોલીસ સ્ટેશન પાસેના ખુલ્લા મેદાનમાં આયોજિત એક કાર્યક્રમમાં આ ભાષણ આપ્યું હતું. તેનો વીડિયો વાયરલ થયા બાદ, મુફ્તી સહિત બંને આયોજકો સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૧૫૩બી (વિવિધ ધાર્મિક જૂથો વચ્ચે દુશ્મનાવટને પ્રોત્સાહન આપવી) અને ૫૦૫ (૨) હેઠળ એફઆઈઆર નોંધવામાં આવી હતી. દરમ્યાનમાં આ લખાઈ રહયું છે ત્યારે પ્રાપ્ત અહેવાલ અનુસાર મુફ્તી સલમાન અઝહરીને લઈને અમદાવાદ એટીએસ હેડકવાર્ટર ખાતે લઈ આવેલ છે અને જયાંથી આજે ગમે ત્યારે જૂનાગઢ લાવી કોર્ટમાં રજુ કરવામાં આવશે તેવું જાણવા મળેલ છે.

# સામાન્ય ખેડૂત ખેત મજુરની પુત્રી રાષ્ટ્રીય કક્ષાએ ગીરનાર આરોહણ અવરોહણ સ્પર્ધામાં પ્રથમ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૫

માંગરોળ તાલુકાના ઘેડ વિસ્તારમાં આવેલ વિરોલ ગામની દિકરી જે પી.ડી.શાહ & એલ.પી.શાહ હાઈસ્કૂલ દિવરાણા ખાતે ધોરણ ૧૦માં અભ્યાસ કરતી સામાન્ય ખેત મજુર પરિવારમાંથી આવતી દિકરી ગરેજા જશુ લખમણભાઈ રાષ્ટ્રીયકક્ષાએ ગીરનાર આરોહણ અવરોહણ સ્પર્ધામાં પ્રથમ નંબર ઉપર તેમજ નુનારડા ગામની દિકરી ઘુસર મંજુ અરવિંદભાઈ રાષ્ટ્રીય કક્ષાએ સાતમાં નંબર ઉપર આવતા નાલંદા એજ્યુકેશન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી ચેતનભાઈ પંડ્યા દ્વારા દીકરીઓનું અદકેરૂ સ્વાગત દીવરાણા ધાર પાસે ડી.જે.ના તાલે દીવરાણા ગામના સરપંચ દીપુભાઈ ગામી તેમજ ગામના મુખ્ય અગ્રગણ્ય આગેવાનો દ્વારા નંબર પ્રાપ્ત કરનાર બહેનોને ભવ્ય સ્વાગત કરી આવકારેલ હતી. દીવરાણા ગામની મુખ્ય શેરીઓમાંથી રામમંદિર ખાતે ગામના લોકોએ બન્ને બહેનોને સન્માનિત કરેલ હતી. ત્યારબાદ શાળામાં પહોચી શાળાની વિદ્યાર્થિનીઓએ અદમ્ય ઉત્સાહ સાથે ભવ્ય રીતે આવકારી કુમ કુમ તિલક કરી શાળાને મોટી સિદ્ધિ અપાવવામાં બન્ને વિદ્યાર્થીનીઓને વધાવેલ. ત્યારબાદ સન્માન સ્વાગત યાત્રા આગળ વધતા ખરેડા પાસે પહોંચતા થલ્લી ગામના સરપંચ છગનભાઈ ચુડાસમા દ્વારા બન્ને વિદ્યાર્થીનીઓને હારતોરા કરી ભેટ આપી કોળી સમાજનું ગૌરવ વધારવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. ત્યાંથી ડી.જે.ના તાલ સાથે પાંચસોથી પણ વધુ લોકો વીરોલ ગામમાં સરપંચ ભગવાનજીભાઈ કામરીયા તેમજ ગામના લોકો એકત્રિત થઈ ભવ્ય રીતે આવકરેલ. ગામની મુખ્ય શેરીમાંથી સૌ કોઈ લોકો પ્રાથમિક શાળાના પટાંગણમાં એકઠા થઈ ગામ વતી બન્ને બહેનોને સન્માનીત કરી પોરબંદરથી આવેલા માંધાતા ગૃપના ભાઈઓ દ્વારા બન્ને બહેનોને સન્માનિત કરેલ. શાળાના ટ્રસ્ટી ચેતનભાઈ પંડ્યાએ ત્રણેય સરપંચનો આભાર માની શાળાના આચાર્ય મિલિન્દભાઈ કોટડીયાએ નેશનલ લેવલ ઉપર પ્રથમ નંબર ઉપર અને સાતમાં સ્થાને આવેલ ઘૂસર મંજુબેનના વાલીને પણ સન્માનિત કરેલ. શાળાના શિક્ષક શૈલેષભાઈ મોકરિયા તેમજ વિપુલભાઈ મુછાળ તેમજ બન્ને ટીચર બહેનો ખુશ્બુબેન વૈષ્ણાણી અને બીનાબેન પરમારને પણ સન્માનીત કરેલ. આ ઉપરાંત છેલ્લા બે માસથી સતત પ્રેક્ટિસમાં જેમનો અમને સહકાર અને માર્ગદર્શન પ્રાપ્ત થયેલ તેવા માનનીય રાજુભાઈ પાઠક(ડી.વાય.એસ.પી. કમાન્ડો) તેમનો પણ આ તકે ખાસ આભાર વ્યક્ત કરવામાં આવેલ. આવનારા વર્ષમાં પણ સારૂ પરિણામ પ્રાપ્ત કરવાના દ્રઢ સંકલ્પ સાથે સૌ કોઈ છુટા પડેલ હતા.

# જૂનાગઢ : તરલ ભટ્ટનાં અક્ષર રેસીડેન્સી ઘરમાં એટીએસનું સર્ચ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૫

ચકચારી તોડકાંડ કેસ મામલે તરલ ભટ્ટનાં અક્ષર રેસીડેન્સી ઘરમાં પણ એટીએસ દ્વારા સર્ચ કરવામાં આવ્યું હતું. સસ્પેન્ડેડ સીપીઆઈ તરલ ભટ્ટને ૪ દિવસનાં રિમાન્ડ ઉપર મેળવ્યા બાદ તેને શહેરમાં ઝાંઝરડા ચોકડી પાસે આવેલ જૂનાગઢ સાયબર ક્રાઈમ સેલ કમ એસઓજીની ઓફિસે લઈ જવામાં આવ્યા હતા. એટીએસની ૩ ટીમ દ્વારા તરલ ભટ્ટને સાથે રાખીને અત્રે ૪ કલાક તપાસ કરવામાં આવી હતી અને મહત્વનાં પુરાવા એકત્ર કરવામાં આવ્યાં હતાં સાથે સાથે સાયબર ક્રાઈમ સેલ કમ એસઓજીનાં કર્મચારીઓની પુછપરછ પણ કરવામાં આવી હોવાની પણ માહિતી પ્રાપ્ત થઈ છે એસઓજી કાર્યાલય ઉપરાંત તરલ ભટ્ટને તેમના જૂનાગઢ શહેરના મધુરમ વિસ્તારમાં આવેલ અક્ષર રેસીડેન્સી ખાતેના ઘરે પણ લઈ જઈને તપાસ હાથ ધરવામાં આવી હતી. અહિં ફલેટના મુખ્ય દરવાજા ઉપર ડીઆઈજીની નોટિસ લગાવવામાં આવી હોવાનું ધ્યાન પર આવ્યું હતું. જૂનાગઢમાં તપાસ પૂર્ણ કર્યા બાદ તરલ ભટ્ટને લઈ એટીએસ જવા રવાના થઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, તોડકાંડ પ્રકરણમાં એસઓજીનાં સસ્પેન્ડેડ પીઆઈ એ. એમ. ગોહિલ હજુ ફરાર છે. તેની ધરપકડ માટે એટીએસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.

### ૧૬મી રાષ્ટ્રીયકક્ષાની(નેશનલ લેવલ) ગીરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધામાં

# નાલંદા એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત પી.ડી. શાહ & એલ.પી.શાહ હાઈસ્કૂલ દિવરાણા રાષ્ટ્રીયયકક્ષાએ પ્રથમ નંબર ઉપર



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૫

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ ગાંધીનગર કમિશનર રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ ગાંધીનગર પ્રેરિત જૂનાગઢ વહીવટી તંત્ર જૂનાગઢ સંચાલિત ૧૬મી રાષ્ટ્રીયકક્ષાની ગીરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધામાં કુલ ૪૯૦ થી વધુ સ્પર્ધક ભાઈઓ બહેનોએ ભાગ લીધેલ હતો. જેમાં જુનિયર બહેનોના વિભામાં નાલંદા એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત પી.ડી. શાહ & એલ.પી.શાહ હાઈસ્કૂલ - દિવરાણા સ્કૂલની બે વિદ્યાર્થિનીઓ પ્રથમ એકથી દસમાં સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધારેલ. જેમાં ગરેજા જશુબેન લખમણભાઈ જુનિયર વિભાગમાં પ્રથમ અને ઘુસર મંજુબેન અરવિંદભાઈ જુનિયર વિભાગમાં સાતમાં સ્થાને રહી છે. ઘેડ વિસ્તારમાં આવેલ આ શાળામાંથી કુલ નવ બહેનો રાજયલેવલની સ્પર્ધામાં કોલીફાઈડ થયેલ એટલે કે રાજયકક્ષાની સ્પર્ધામાં એકથી પચ્ચીસમાં સ્થાન પ્રાપ્ત કરેલ હોવાથી નેશનલ લેવલ ઉપર કલોફાઈડ ગણાય. જેમાંથી બે બહેનો એકથી દસમાં બહેનોએ નંબર પ્રાપ્ત કરેલ છે. સ્પર્ધાના અંતે જૂનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, જિલ્લા પંચાયત પ્રમુખ હરેશભાઈ ઠુંમર, જૂનાગઢ મેયર ગીતાબેન પરમાર તેમજ જૂનાગઢ કલેક્ટર અનિલ રાણાવાસીયા તેમજ સમગ્ર જીલ્લા વહીવટી તંત્ર અધિકારીગણ ઉપસ્થિત રહેલ. નંબર પ્રાપ્ત કરનાર ખેલાડીઓને ૧૯ લાખથી વધુ ઈનામી રાશિ રાજ્ય અને કેન્દ્ર સરકાર તરફથી તેમજ જૂનાગઢ મહાનગરપાલિકા ટ્રોફી તેમજ ઈનામી રાશિ પુરસ્કાર રૂપે એનાયત કરવામાં આવેલ. આ તકે નાલંદા એજ્યુકેશન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી ચેતનભાઈ પંડ્યા તેમજ શાળાના આચાર્ય મિલિન્દભાઈ કોટડીયા તથા શાળાના સમગ્ર સ્ટાફને ખુબ ખુબ અભિનંદન પાઠવેલ છે.

# જૂનાગઢ મજેવડી પ્રકરણનાં બે આરોપીઓ સામે પાસા લાગુ કરાયો



### એકને વડોદરા અને બીજાને સુરત જેલમાં મોકલી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૫

જૂનાગઢનાં મજેવડી પ્રકરણનાં બે આરોપી સામે પાસા લાગુ કરીને એકને સેન્ટ્રલ જેલ વડોદરા અને બીજાને લાજપોર જેલ, સુરત ધકેલી દેવામાં આવેલ છે. મજેવડી પાસે આવેલી દરગાહને મનપાએ નોટીસ આપી આધાર પુરાવા રજુ કરવા જણાવ્યું હતું. જો કે દરગાહને તોડી પાડવાનાં છે તેવી અફવા ફેલાવતા લોકોનું ટોળુ એકઠું થયું હતું અને બાદમાં પથ્થર મારો, આગજનીનાં બનાવો બન્યા હતાં. આ બનાવમાં પોલીસ અધિકારીઓ પણ ગંભીર રીતે ઘાયલ થયા હતાં. અને એક રાહદારીનું મૃત્યું નિપજયું હતું. બાદમાં પોલીસે ધરપકડનો દોર શરૂ કર્યો હતો. દરમ્યાન મજેવડી પ્રકરણમાં પકડાયેલા અને હાલ જામીન ઉપર છુટેલા આરોપીઓ નસરૂદીન ઉર્ફે નસરો ડાડો ગફાર મજગુલ અને અલ્તાફ ઈકબાલ માંડલીયા સામે ખૂન, મારામારીના ગુન્હા પણ નોંધાયેલા હતાં. દરમ્યાન અસામાજીક પ્રવૃતિ કરનાર ઈસમો સામે પાસા જેવી અટકાયતી પગલા લેવા રેન્જ આઈજી નિલેશ જાજડીયાની સુચના બાદ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાનાં માર્ગદર્શનમાં એલસીબીએ બંને સામે પાસાની દરખાસ્ત તૈયાર કરી જીલ્લા મેજીસ્ટ્રેટ અને કલેકટર અનીલ રાણાવસીયાને મોકલાઈ હતી. જેને પગલે જીલ્લા મેજીસ્ટ્રેટએ બંને સામે પાસાનું વોરંટ ઈસ્યુ કર્યુ હતું. બાદમાં એલસીબી પીઆઈ જે.જે. પટેલ, પીએસઆઈ જે.જે. ગઢવી, ડી.કે. ઝાલા અને સ્ટાફે બંને આરોપીની અટકાયત કરી હતી. આમાંથી નસરૂદીન ઉર્ફે નસરો ડાડો ગફાર મજગુલને સેન્ટ્રલ જેલ વડોદરા અને અલ્તાફ ઈકબાલ માંડલીયાને સેન્ટ્રલ જેલ લાજપોર, સુરત ખાતે ધકેલી દેવાયા છે.

# ભવનાથ વિસ્તારમાં બનેલા એક બનાવમાં પૈસા બાબતે માર માર્યો : બે સામે ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૫

જૂનાગઢ નજીક આવેલા ભવનાથ વિસ્તારમાં અશોક શીલાલેખ પાસે બનેલા એક બનાવમાં પૈસા બાબતે મનદુઃખનાં પગલે માર માર્યાનો બનાવ બનવા પામેલ છે. આ બનાવ અંગે પોલીસમાં ફરીયાદ નોંધાતા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ બનાવ અંગે ભવનાથ પોલીસે આપેલી વિગત અનુસાર ફરીયાદી નુરમહમદભાઈ ઉર્ફે મુત્રો અબ્દુલભાઈ બ્લોચ (ઉ.વ. ૪૦) (રહે. ધારાગઢ દરવાજા જૂનાગઢ)એ આ કામનાં આરોપી કારાભાઈ રીણાભાઈ, તેનો દિકરો જગો (રહે. બંને ગાંધીગ્રામ જૂનાગઢવાળા) વિરૂધ્ધ નોંધાવેલી ફરીયાદમાં જણાવેલ છે કે આ કામનાં આરોપીએ ફરીયાદી પાસે બે દિવસ અગાઉ વાપરવા માટે પૈસા માંગેલ જે ફરીયાદીએ આપવાની ના પાડતા તે વાતનું મનદુઃખ રાખી આ કામનાં આરોપી નં. ૨નાએ ફરીયાદીને લોખંડનાં પાઈપ વડે માર મારી તેમજ જમણા હાથમાં ઈજા કરી આરોપી નં. ૧એ ફરીયાદીનો વીવો કંપનીનો મોબાઈલ ફોન કિંમત રૂા. ૧૦ હજાર તથા મોબાઈલ કવરમાં રહેલ રૂા. ૧૫૦૦ તેમજ ફરીયાદીનું બર્ગમેન મોટર સાયકલ જીજે ૧૧ સીએફ ૩૬૬૯ કિંમત રૂા. ૧ લાખની લુંટ કરી બંને આરોપીએ ફરીયાદીને તથા સાહેદ સાજીદભાઈને ઢીકાપાટુનો માર મારી ભુંડી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ ભવનાથ પોલીસમાં નોંધાવતાં ભવનાથનાં પીએસઆઈ એન.વી. આંબલીયાએ વધુ તપાસ હાથ ધરી છે.

# કેપિટલ સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડનો આઈપીઓ બુધવાર ૭ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ ખૂલશે



### દરેક રૂા.૧૦ની ફેસ વેલ્યુના ઈક્વિટી શેર(''ઈક્વિટી શેર'') માટે પ્રાઈઝ બેન્ડ રૂા.૪૪૫થી રૂા.૪૬૮ નક્કી કરવામાં આવી છે

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૫

કેપિટલ સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ(બેંક અથવા કેપિટલ એસએફબી) રૂા.૧૦ની ફેસ વેલ્યુના ઈક્વિટી શેરનો આઈપીઓ બુધવાર, ૭ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ ખોલશે. એક્કર ઈન્વેસ્ટર બિડિંગ તારીખ મંગળવાર, ફેબ્રુઆરી ૬, ૨૦૨૪ રહેશે. ઓફર સબસ્ક્રિપ્શન માટે બુધવાર, ૭ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ ખૂલશે અને શુક્રવાર, ૯ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ બંધ થશે. ઓફરનો પ્રાઈસ બેન્ડ રૂા. ૪૪૫થી રૂા. ૪૬૮ પ્રતિ ઈક્વિટી શેર નક્કી કરવામાં આવ્યો છે. બિડ ઓછામાં ઓછા ૩૨ ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ ૩૨ ઈક્વિટી શેરના ગુણાંકમાં કરી શકાય છે. આઈપીઓમાં રૂા.૪,૫૦૦ મિલિયન(રૂા. ૪૫૦ કરોડ) (''ફ્રેશ ઈશ્યૂ'')ના ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યૂ અને વેચાણકર્તા શેરધારકો દ્વારા ૧૫,૬૧,૩૨૯ (૧૫.૬૧ લાખ) ઈક્વિટી શેર સુધીના વેચાણની ઓફરનો સમાવેશ થાય છે (''વેચાણમાટે ઓફર વેચાણ'' અને ફ્રેશ ઈશ્યૂ સાથે,''ઓફર''). બેંક ફ્રેશ ઈશ્યૂમાંથી મળેલી ચોખ્ખી આવકનો તેની ભાવિ મૂડીની જરૂરિયાતોને પહોંચી વળવા બેંકના ટિયર-૧ કેપિટલ બેઝને વધારવા માટે ઉપયોગ કરવાની દરખાસ્ત કરે છે. બેંક તેના લોન પોર્ટફોલિયો અને એસેટ બેઝમાં વધારો કરવાનું ચાલુ રાખતી હોવાથીબેંકને તેના વ્યવસાયના સંદર્ભમાં લાગુ મૂડી પર્યાપ્તતા ગુણોત્તરને પહોંચી વળવાનું ચાલુ રાખવા માટે વધારાની મૂડીની જરૂર પડશે તેવી અપેક્ષા રાખે છે. બેંક તેની લોન એડવાન્સ વધારવા માંગે છે જેને લાગુ પડતી મૂડી પર્યાપ્તતા જરૂરિયાતોનું પાલન કરવા માટે ટિયર-૧ કેપિટલની જરૂર પડશે. વધુમાંફ્રેશ ઈશ્યૂમાંથી મળેલી આવકનો ઉપયોગ ઓફરના સંબંધમાં ખર્ચને પહોંચી વળવા માટે પણ કરવામાં આવશે (''ઈશ્યૂનો હેતુ''). વેચાણ માટેની ઓફરમાં ઓમાન ઈન્ડિયા જોઈન્ટ ઈન્વેસ્ટમેન્ટ ટુ દ્વારા ૮,૩૬,૭૨૮ સુધીના ઈક્વિટી શેર્સ, અમીકસ કેપિટલ પ્રાઈવેટ ઈક્વિટી વન એલએલપી દ્વારા ૧,૫૧,૧૫૩ સુધીના ઈક્વિટી શેર્સ, અમીકસ કેપિટલ પાર્ટનર્સ ઈન્ડિયા ફંડ વન (સંયુક્ત પણે ''ઈન્વેસ્ટર સેલિંગ શેરહોલ્ડર્સ'') દ્વારા ૧૭,૫૫૪ ઈક્વિટી શેર્સ તથા રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ માં જણાવેલા તથા ઈન્વેસ્ટર સેલિંગ શેરહોલ્ડર્સ સાથે (''સેલિંગ શેરહોલ્ડર્સ'') અન્ય કેટલાક લોકો દ્વારા ૫,૫૫,૯૦૪ સુધીના ઈક્વિટી શેરનો સમાવેશ થાય છે. ઈક્વિટી શેર્સ ચંદીગઢ ખાતેની પંજાબ અને ચંદીગઢની રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ (''આરઓસી'')માં પહેલી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ ફાઈલ કરેલા રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ દ્વારા ઓફર કરવામાં આવી રહ્યા છે. આરએચપી દ્વારા ઈશ્યૂ કરવામાં આવનારા ઈક્વિટી શેર્સ બીએસઈ લિમિટેડ (બીએસઈ) અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ (''બીએસઈ''ની સાથે ''એનએસઈ'', સ્ટોક એક્સચેન્જીસ) પર લિસ્ટ કરવામાં આવશે. ઓફર માટેના હેતુઓ માટે બીએસઈ લિમિટેડે નિયુક્ત સ્ટોક એક્સચેન્જ રહેશે. નુવામાં વેલ્થ મેનેજમેન્ટ લિમિટેડ (અગાઉ એડલવાઈઝ સિક્યોરિટીઝ લિમિટેડ તરીકે ઓળખાતી), ડીએએમ કેપિટલ એડવાઈઝર્સ લિમિટેડ અને ઈક્વિરસ કેપિટલ પ્રાઈવેટ લિમિટેડ આ ઓફરના બુક રનિંગ લીડ મેનેજર્સ છે.

આ પ્રેસ રિલીઝમાં જણાવવામાં આવેલી તમામ કેપિટલાઈઝ્ડ બાબતો જેની વ્યાખ્યા કરવામાં આવી ન હોય તેનો અર્થ આરએચપીમાં જણાવ્યા મુજબનો થશે.

# રઘુવંશી સોશ્યલ ગ્રુપ, જલારામ મંદિર દ્વારકા દ્વારા આદર્શ લગ્નોત્સવ યોજાયા



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા. ૫

રઘુવંશી સોયલ ગ્રુપ, જલારામ મંદિર દ્વારકા દ્વારા થતી વિવિધ સમાજ ઉપયોગી રચનાત્મક પ્રવૃતિઓ પૈકી માતુશ્રી વિરબાઈ માં આદર્શ લગ્નવિધિ જેમાં માત્ર રૂા. ૧ના ટોકનથી લગ્ન કરી આપવામાં આવે છે. જેને રઘુવંશી સમાજ દ્વારા સારો પ્રતિસાદ સાંપડેલ છે. અને તા. ૩૧-૧-૨૪ તથા ૨-૨-૨૪નાં રોજ ૩૨૫ અને ૩૨૬માં લગ્ન સફળતાપૂર્વક સંપન્ન થયા હતાં. જેમાં હર્ષ જશાણી (રાજકોટ) તથા રિધ્ધીબેન સચદેવ (સુરજકરાડી), સાગર લાલ (આરંભડા તથા ખ્યાતિબેન સવજાણી (પોરબંદર) લગ્નગ્રંથીથી જોડાયેલા હતાં. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ટ્રસ્ટનાં ટ્રસ્ટી મંડળ તથા જલારામ મહિલા સત્સંગ મંડળની બહેનોએ જહેમત ઉઠાવેલ હતી. આ બંને લગ્નના યજમાન કલ્પેશભાઈ પ્રાણજીવનભાઈ સામાણી મીઠાપુર અને જલારામ મંદિર દ્વારકા રહયા હતાં.

# મેંદરડા-સાસણ રોડ ઉપર ખનીજ ટીમ ઉપર જીવલેણ હુમલો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૫

મેંદરડા સાસણ રોડ ઉપર જૂનાગઢ ખાણ ખનીજની ટીમ ઉપર જીવલેણ હુમલો કરવામાં આવતા બે શખ્સો સામે ફરીયાદ નોંધાવવામાં આવી છે.

જૂનાગઢ ખાણ ખનીજ વિભાગનાં રોયલ્ટી ઈન્સ્પેકટર ભવદીપ ડોડીયા, માઈન્સ સુપરવાઈઝર યોગેશ ગઢીયા, સિકયુરીટી ગાર્ડ સુમારશા કામસશા સર્વેદી સહીત સ્ટાફ મેંદરડા તરફ પેટ્રોલીંગમાં હતાં ત્યારે એક ટ્રકમાં રેતી ભરીને જતા હતા ત્યારે તેને અટકાવતા ચાલક નાસી ગયો હતો. સ્ટાફે ટ્રકનો કબ્જો કરતા અચાનક પાટરામાં ગામનાં અનજીત ધાંધલ અને એક અજાણ્યો શખ્સ આવીને ટીમ ઉપર ધોકા અને પાઈપ વડે હુમલો કર્યો હતો અને ટ્રક ટીમ ઉપર ચડાવી દેવાની કોશિષ કરીને હત્યાનો પ્રયાસ કર્યાની ફરીયાદ પોલીસમાં નોંધાઈ છે.

# જૂનાગઢના પાર્થ ભૂતનું રણજી ટ્રોફીમાં મહારાષ્ટ્ર સામે શાનદાર પ્રદર્શન



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૫

સૌરાષ્ટ્ર તરફથી રમતા જૂનાગઢના પાર્થ ભૂતનું રણજી ટ્રોફીમાં શાનદાર પ્રદર્શન રહ્યું હતું. જેમાં પહેલી ઈનિંગ્સમાં મહારાષ્ટ્ર સામે પાર્થ ભૂતએ ૨ વિકેટ લીધી હતી. તેમજ બીજી ઈનિંગ્સમાં મહારાષ્ટ્ર સામે ૭ વિકેટ લઈ એકજ મેચમાં ૯ વિકેટ ઝડપી સૌરાષ્ટ્ર મહારાષ્ટ્ર સામે ૪૮ રનએ વિજેતા થયુ છે. જે બદલ જૂનાગઢ જિલ્લા ક્રિકેટ એસો. પ્રમુખ પાર્થ કોટેચા, ઉપ પ્રમુખ પાર્થ ધુલેસિયા, સેક્રેટરી અર્જુન રાડા જૂનાગઢ સિલેક્ટર કમલ ચાવડાએ પાર્થ ભૂતને અભિનંદન પાઠવ્યા હતા.


જાહેર નિવિદા ઈમારતી લાકડાની જાહેર હરાજી

વન વિભાગ ગુજરાત રાજ્ય

આથી રસ ધરાવતા ભાઈઓ ખેડુતો તેમજ માલ ખરીદનાર વેપારીઓને જણાવવાનું કેઅત્રેના વનવિભાગના તાબાની ઉના રેન્જના ઉના સેન્ટ્રલ નર્સરી ખાતે તોકતે વાવાઝોડામાં ઉખડી પડેલ માલની જાહેર હરાજી નીચે મુજબની તારીખ અને સમય ના રોજ રાખવામાં આવેલ છે.તો સમયસર હાજર રહી હરાજીમાં ભાગ લેવા વિનંતી છે. વધુ વિગતો અત્રેની કચેરીના નોટીસ બોર્ડ તથા રેન્જના નોટીશ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે.

| રૈન્જ/ડેપોનુ નામ | તારીખ | સમય | અંદાજીત જથ્થો | | |
|---|---|---|---|---|---|
| | | | માલની વિગત | નંગ | ઘ.મી. |
| ઉના/ઉના સેન્ટ્રલ નર્સરી | ૧૫-૦૨-૨૦૨૪ | ૧૨.૦૦ કલાકે | સાગ્રી | ૫૩ | ૨.૭૨૨ |
| | | | જલાઉ | ૧૮૧ કિવન્ટલ | |
| | | | અન્ય પંચરાઉ | ૫૧ | ૭.૯૦૦ |

નોંધઃ-માલનો જથ્થો અંદાજીત હોવાથી ફેરફારને આધીન રહેશે.

સ્થળ : શ્રી રસોમનાથ

તારીખ : ૦૨/૦૨/૨૦૨૪

નાયબ વન સંરક્ષક

સામાજિક વનીકરણ વિભાગ

ગીર સોમનાથ

માહિતી/જૂના/૧૦૭૮/૨૦૨૪

